ॐ

# પરમાગમ શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

**(મૂળ ગાથાઓના મથાળા અને ગુજરાતી પદ્યાનુવાદ અર્થ સાથે)**

## - ૧ -

## ષડ્દ્રવ્ય-પંચાસ્તિકાયવર્ણન

હવે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત) ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે :

શત-ઈન્દ્રવંદિત, ત્રિજગહિત-નિર્મળ-મધુર વદનારને,
નિઃસીમ ગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને. ૧.

**અન્વયાર્થ** :—સો ઈન્દ્રોથી જે વંદિત છે, ત્રણ લોકને હિતકર, મધુર અને વિશદ (નિર્મળ, સ્પષ્ટ) જેમની વાણી છે, (ચૈતન્યના અનંત વિલાસસ્વરૂપ) અનંત ગુણ જેમને વર્તે છે અને ભવ ઉપર જેમણે જય મેળવ્યો છે, તે જિનોને નમસ્કાર હો. ॥૧॥

સમયને અર્થાત્ આગમને પ્રણામ કરીને તેનું કથન કરવા વિષે શ્રીમત્કુંદકુંદાચાર્યદેવ પ્રતિજ્ઞા કરે છે.

આ સમયને શિરનમનપૂર્વક ભાખું છું, સુણજો તમે;
જિનવદનનિર્ગત-અર્થમય, ચઉગતિહરણ, શિવહેતુ છે. ૨.

**અન્વયાર્થ** :—શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય (—સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોને કહેનાર), ચાર ગતિનું નિવારણ

કરનાર અને નિર્વાણ સહિત (-નિર્વાણના કારણભૂત)—એવા આ સમયને શિરસા પ્રણમીને હું તેનું કથન કરું છું; તે શ્રવણ કરો. ।।૨।।

અહીં (આ ગાથામાં) શબ્દરૂપે, જ્ઞાનરૂપે અને અર્થરૂપે (–શબ્દસમય, જ્ઞાનસમય અને અર્થસમય)—એમ ત્રણ પ્રકારનો ‘સમય’ શબ્દનો અર્થ કહ્યો છે તથા લોક-અલોકરૂપ વિભાગ કહ્યો છે.

સમવાદ વા સમવાય પાંચ તણો સમય—ભાખ્યું જિને;
તે લોક છે, આગળ અમાપ અલોક આભસ્વરૂપ છે. ૩.

**અન્વયાર્થ** :—પાંચ અસ્તિકાયનું સમભાવપૂર્વક નિરૂપણ અથવા તેમનો સમવાય (-પંચાસ્તિકાયનો સમ્યક્ બોધ અથવા સમૂહ) તે સમય છે એમ જિનવરોએ કહ્યું છે. તે જ લોક છે (-પાંચ અસ્તિકાયના સમૂહ જેવડો જ લોક છે); તેનાથી આગળ અમાપ અલોક આકાશસ્વરૂપ છે. ।।૩।।

અહીં (આ ગાથામાં) પાંચ અસ્તિકાયોની વિશેષસંજ્ઞા, સામાન્યવિશેષ-અસ્તિત્વ તથા કાયત્વ કહેલ છે.

જીવદ્રવ્ય, પુદ્‌ગલકાય, ધર્મ, અધર્મ ને આકાશ એ
અસ્તિત્વનિયત, અનન્યમય ને અણુમહાન પદાર્થ છે. ૪.

**અન્વયાર્થ** :—જીવો, પુદ્‌ગલકાયો, ધર્મ, અધર્મ તેમ જ આકાશ અસ્તિત્વમાં નિયત, (અસ્તિત્વથી) અનન્યમય અને અણુમહાન (પ્રદેશે મોટાં) છે. ।।૪।।

અહીં, પાંચ અસ્તિકાયોને અસ્તિત્વ કયા પ્રકારે છે અને કાયત્વ કયા પ્રકારે છે તે કહ્યું છે.

વિધવિધ ગુણો ને પર્યયો સહ જે અનન્યપણું ધરે
તે અસ્તિકાયો જાણવા, ત્રૈલોક્યરચના જે વડે. ૫.

**અન્વયાર્થ**:—જેમને વિવિધ ગુણો અને પર્યાયો (-પ્રવાહક્રમના તેમ જ વિસ્તારક્રમના અંશો) સાથે પોતાપણું છે તે અસ્તિકાયો છે કે જેમનાથી ત્રણ લોક નિષ્પન્ન છે. ।।૫।।

અહીં પાંચ અસ્તિકાયોને તથા કાળને દ્રવ્યપણું કહ્યું છે.

તે અસ્તિકાય ત્રિકાળભાવે પરિણમે છે, નિત્ય છે;
એ પાંચ તેમ જ કાળ વર્તનલિંગ સર્વે દ્રવ્ય છે. ૬.

**અન્વયાર્થ** :—જે ત્રણ કાળના ભાવરૂપે પરિણમે છે તેમ જ નિત્ય છે એવા તે જ અસ્તિકાયો, પરિવર્તનલિંગ (કાળ) સહિત, દ્રવ્યપણાને પામે છે (અર્થાત્ તે છયે દ્રવ્યો છે). ।।૬।।

અહીં છ દ્રવ્યોને પરસ્પર અત્યંત સંકર હોવા છતાં તેઓ પ્રતિનિયત (-પોતપોતાના નિશ્ચિત) સ્વરૂપથી ચ્યુત થતાં નથી એમ કહ્યું છે.

અન્યોન્ય થાય પ્રવેશ, એ અન્યોન્ય દે અવકાશને,
અન્યોન્ય મિલન, છતાં કદી છોડે ન આપસ્વભાવને. ૭.

**અન્વયાર્થ** :—તેઓ એકબીજામાં પ્રવેશ કરે છે, અન્યોન્ય અવકાશ આપે છે, પરસ્પર (ક્ષીરનીરવત્) મળી જાય છે, તોપણ સદા પોતપોતાના સ્વભાવને છોડતાં નથી. ।।૭।।

અહીં અસ્તિત્વનું સ્વરૂપ કહ્યું છે.

સર્વાર્થપ્રાપ્ત, સવિશ્વરૂપ, અનંતપર્યયવંત છે,
સત્તા જનમ-લય-ધ્રૌવ્યમય છે, એક છે, સવિપક્ષ છે. ૮.

**અન્વયાર્થ** :—સત્તા ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક, એક, સર્વપદાર્થસ્થિત, સવિશ્વરૂપ, અનંતપર્યાયમય અને સપ્રતિપક્ષ છે. ।।૮।।

અહીં સત્તાને અને દ્રવ્યને અર્થાંતરપણું (ભિન્નપદાર્થપણું, અન્ય-પદાર્થપણું) હોવાનું ખંડન કર્યું છે.

તે તે વિવિધ સદ્ભાવપર્યયને દ્રવે—વ્યાપે—લહે
તેને કહે છે દ્રવ્ય, જે સત્તા થકી નહિ અન્ય છે. ૯.

**અન્વયાર્થ** :—તે તે સદ્ભાવપર્યાયોને જે દ્રવે છે—પામે છે, તેને (સર્વજ્ઞો) દ્રવ્ય કહે છે—કે જે સત્તાથી અનન્યભૂત છે. ||૯||

અહીં ત્રણ પ્રકારે દ્રવ્યનું લક્ષણ કહ્યું છે.

છે સત્ત્વ લક્ષણ જેહનું, ઉત્પાદવ્યયધ્રુવયુક્ત જે,
ગુણપર્યયાશ્રય જેહ, તેને દ્રવ્ય સર્વજ્ઞો કહે. ૧૦.

**અન્વયાર્થ** :— જે ‘સત્’લક્ષણવાળું છે, જે ઉત્પાદવ્યયધ્રૌવ્ય-સંયુક્ત છે અથવા જે ગુણપર્યાયોનો આશ્રય છે, તેને સર્વજ્ઞો દ્રવ્ય કહે છે. ||૧૦||

અહીં બન્ને નયો વડે દ્રવ્યનું લક્ષણ વિભક્ત કર્યું છે (અર્થાત્) બે નયોની અપેક્ષાથી દ્રવ્યના લક્ષણના બે વિભાગ પાડવામાં આવ્યા છે.

નહિ દ્રવ્યનો ઉત્પાદ અથવા નાશ નહિ, સદ્ભાવ છે;
તેના જ જે પર્યાય તે ઉત્પાદ-લય-ધ્રુવતા કરે. ૧૧.

**અન્વયાર્થ** :—દ્રવ્યનો ઉત્પાદ કે વિનાશ નથી, સદ્ભાવ છે. તેના જ પર્યાયો વિનાશ, ઉત્પાદ અને ધ્રુવતા કરે છે. ||૧૧||

અહીં દ્રવ્ય અને પર્યાયોનો અભેદ દર્શાવ્યો છે.

પર્યાયવિરહિત દ્રવ્ય નહિ, નહિ દ્રવ્યહીન પર્યાય છે,
પર્યાય તેમ જ દ્રવ્ય કેરી અનન્યતા શ્રમણો કહે. ૧૨.

**અન્વયાર્થ :**—પર્યાયો રહિત દ્રવ્ય અને દ્રવ્ય રહિત પર્યાયો હોતાં નથી; બન્નેનો અનન્યભાવ (-અનન્યપણું) શ્રમણો પ્રરૂપે છે. ॥૧૨॥

અહીં દ્રવ્ય અને ગુણોનો અભેદ દર્શાવ્યો છે.

નહિ દ્રવ્ય વિણ ગુણ હોય, ગુણ વિણ દ્રવ્ય પણ નહિ હોય છે;
તેથી ગુણો ને દ્રવ્ય કેરી અભિન્નતા નિર્દિષ્ટ છે. ૧૩.

**અન્વયાર્થ :**—દ્રવ્ય વિના ગુણો હોતા નથી, ગુણો વિના દ્રવ્ય હોતું નથી; તેથી દ્રવ્ય અને ગુણોનો અવ્યતિરિક્તભાવ (-અભિન્નપણું) છે. ॥૧૩॥

અહીં દ્રવ્યના આદેશને વશ સપ્તભંગી કહી છે.

છે અસ્તિ, નાસ્તિ, ઉભય તેમ અવાચ્ય આદિક ભંગ જે,
આદેશવશ તે સાત ભંગે યુક્ત સર્વે દ્રવ્ય છે. ૧૪.

**અન્વયાર્થ :**—દ્રવ્ય આદેશવશાત્ (-કથનને વશ) ખરેખર સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ, સ્યાત્ અસ્તિ-નાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય અને વળી અવક્તવ્યતાયુક્ત ત્રણ ભંગવાળું (—સ્યાત્ અસ્તિ-અવક્તવ્ય, સ્યાત્ નાસ્તિ-અવક્તવ્ય અને સ્યાત્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય)—એમ સાત ભંગવાળું છે. ॥૧૪॥

અહીં ઉત્પાદને વિષે અસત્‌નો પ્રાદુર્ભાવ હોવાનું અને વ્યયને વિષે સત્‌નો વિનાશ હોવાનું નિષેધ્યું છે (અર્થાત્ ઉત્પાદ થતાં કાંઈ અસત્‌ની ઉત્પત્તિ થતી નથી અને વ્યય થતાં કાંઈ સત્‌નો વિનાશ થતો નથી એમ આ ગાથામાં કહ્યું છે).

નહિ ‘ભાવ’ કેરો નાશ હોય, ‘અભાવ’નો ઉત્પાદ ના;
‘ભાવો’ કરે છે નાશ ને ઉત્પાદ ગુણપર્યાયમાં. ૧૫.

**અન્વયાર્થ :**—ભાવનો (સત્‌નો) નાશ નથી તેમ જ અભાવનો (અસત્‌નો) ઉત્પાદ નથી; ભાવો (સત્ દ્રવ્યો) ગુણપર્યાયોમાં ઉત્પાદવ્યય કરે છે. ॥૧૫॥

અહીં ભાવો (દ્રવ્યો), ગુણો અને પર્યાયો જણાવ્યા છે.

જીવાદિ સૌ છે 'ભાવ', જીવગુણ ચેતના ઉપયોગ છે;
જીવપર્યયો તિર્યંચ-નારક-દેવ-મનુજ અનેક છે. ૧૬.

**અન્વયાર્થ** :—જીવાદિ (દ્રવ્યો) તે 'ભાવો' છે. જીવના ગુણો ચેતના તથા ઉપયોગ છે અને જીવના પર્યાયો દેવ-મનુષ્ય-નારક-તિર્યંચરૂપ ઘણા છે. ॥૧૬॥

'ભાવનો નાશ થતો નથી અને અભાવનો ઉત્પાદ થતો નથી' તેનું આ ઉદાહરણ છે.

મનુજત્વથી વ્યય પામીને દેવાદિ દેહી થાય છે;
ત્યાં જીવભાવ ન નાશ પામે, અન્ય નહિ ઉદ્ભવ લહે. ૧૭.

**અન્વયાર્થ** :—મનુષ્યપણાથી નષ્ટ થયેલો દેહી (જીવ) દેવ અથવા અન્ય થાય છે; તે બન્નેમાં જીવભાવ નષ્ટ થતો નથી અને બીજો જીવભાવ ઉત્પન્ન થતો નથી. ॥૧૭॥

અહીં, દ્રવ્ય કથંચિત્ વ્યય અને ઉત્પાદવાળું હોવા છતાં તેનું સદા અવિનષ્ટપણું અને અનુત્પન્નપણું કહ્યું છે.

જન્મે મરે છે તે જ, તોપણ નાશ-ઉદ્ભવ નવ લહે;
સુર-માનવાદિક પર્યયો ઉત્પન્ન ને લય થાય છે. ૧૮.

**અન્વયાર્થ** :—તે જ જન્મે છે અને મરણ પામે છે છતાં તે ઉત્પન્ન થતો નથી અને નષ્ટ થતો નથી; દેવ, મનુષ્ય એવો પર્યાય ઉત્પન્ન થાય છે અને વિનષ્ટ થાય છે. ॥૧૮॥

અહીં સત્‌નો અવિનાશ અને અસત્‌નો અનુત્પાદ ધ્રુવતાના પક્ષથી કહ્યો છે (અર્થાત્ ધ્રુવતાની અપેક્ષાએ સત્‌નો વિનાશ કે અસત્‌નો ઉત્પાદ થતો નથી એમ આ ગાથામાં કહ્યું છે).

એ રીત સત્-વ્યય ને અસત્-ઉત્પાદ હોય ન જીવને;
સુરનરપ્રમુખ ગતિનામનો હદયુક્ત કાળ જ હોય છે. ૧૯.

**અન્વયાર્થ** :—એ રીતે જીવને સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ નથી; (‘દેવ જન્મે છે ને મનુષ્ય મરે છે’ એમ કહેવાય છે તેનું એ કારણ છે કે) જીવોને દેવ, મનુષ્ય એવું ગતિનામકર્મ તેટલા જ કાળનું હોય છે. ।।૧૯।।

અહીં સિદ્ધને અત્યંત અસત્-ઉત્પાદનો નિષેધ કર્યો છે (અર્થાત્ સિદ્ધપણું થતાં સર્વથા અસત્‌નો ઉત્પાદ થતો નથી એમ કહ્યું છે).

જ્ઞાનાવરણ ઈત્યાદિ ભાવો જીવ સહ અનુબદ્ધ છે;
તેનો કરીને નાશ, પામે જીવ સિદ્ધિ અપૂર્વને. ૨૦.

**અન્વયાર્થ** :—જ્ઞાનાવરણાદિ ભાવો જીવ સાથે સારી રીતે અનુબદ્ધ છે; તેમનો અભાવ કરીને તે અભૂતપૂર્વ સિદ્ધ થાય છે. ।।૨૦।।

આ, જીવને ઉત્પાદ, વ્યય, સત્-વિનાશ અને અસત્-ઉત્પાદનું કર્તાપણું હોવાની સિદ્ધિરૂપ ઉપસંહાર છે.

ગુણપર્યયે સંયુક્ત જીવ સંસરણ કરતો એ રીતે
ઉદ્‌ભવ, વિલય, વળી ભાવ-વિલય, અભાવ-ઉદ્‌ભવને કરે. ૨૧.

**અન્વયાર્થ** :—એ રીતે ગુણપર્યાયો સહિત જીવ સંસરણ કરતો થકો ભાવ, અભાવ, ભાવાભાવ અને અભાવભાવને કરે છે. ।।૨૧।।

અહીં (આ ગાથામાં), સામાન્યપણે જેમનું સ્વરૂપ (પૂર્વે) કહેવામાં આવ્યું છે એવાં છ દ્રવ્યોમાંથી પાંચને અસ્તિકાયપણું સ્થાપિત કરવામાં આવ્યું છે.

જીવદ્રવ્ય, પુદ્‌ગલકાય, નભ ને અસ્તિકાયો શેષ બે
અણકૃતક છે, અસ્તિત્વમય છે, લોકકારણભૂત છે. ૨૨.

**અન્વયાર્થ** :—જીવો, પુદ્ગલકાયો, આકાશ અને બાકીના બે અસ્તિકાયો અકૃત છે, અસ્તિત્વમય છે અને ખરેખર લોકના કારણભૂત છે. ।।૨૨।।

કાળ અસ્તિકાયપણે અનુક્ત (–નહિ કહેવામાં આવેલો) હોવા છતાં તેને અર્થપણું (–પદાર્થપણું) સિદ્ધ થાય છે એમ અહીં દર્શાવ્યું છે.

**સત્તાસ્વભાવી જીવ ને પુદ્ગલ તણા પરિણમનથી**
**છે સિદ્ધિ જેની, કાળ તે ભાખ્યો જિણંદે નિયમથી. ૨૩.**

**અન્વયાર્થ** :—સત્તાસ્વભાવવાળાં જીવો અને પુદ્ગલોના પરિવર્તનથી સિદ્ધ થતો એવો કાળ (સર્વજ્ઞો દ્વારા) નિયમથી (નિશ્ચયથી) ઉપદેશવામાં આવ્યો છે. ।।૨૩।।

અહીં નિશ્ચયકાળનું સ્વરૂપ કહ્યું છે.

**રસવર્ણપંચક, સ્પર્શ-અષ્ટક, ગંધયુગલ વિહીન છે,**
**છે મૂર્તિહીન, અગુરુલઘુક છે, કાળ વર્તનલિંગ છે. ૨૪.**

**અન્વયાર્થ** :—કાળ (નિશ્ચયકાળ) પાંચ વર્ણ ને પાંચ રસ રહિત, બે ગંધ ને આઠ સ્પર્શ રહિત, અગુરુલઘુ, અમૂર્ત અને વર્તના-લક્ષણવાળો છે. ।।૨૪।।

અહીં વ્યવહારકાળનું કથંચિત્ પરાશ્રિતપણું દર્શાવ્યું છે.

**જે સમય, નિમિષ, કળા, ઘડી, દિનરાત, માસ, ૠતુ અને**
**જે અયન ને વર્ષાદિ છે, તે કાળ પર-આયત્ત છે. ૨૫.**

**અન્વયાર્થ** :—સમય, નિમેષ, કાષ્ઠા, કળા, ઘડી, અહોરાત્ર (–દિવસ), માસ, ૠતુ, અયન અને વર્ષ—એવો જે કાળ (અર્થાત્ વ્યવહારકાળ) તે પરાશ્રિત છે. ।।૨૫।।

અહીં વ્યવહારકાળના કથંચિત્ પરાશ્રિતપણા વિષે સત્ય યુક્તિ કહેવામાં આવી છે.

**‘ચિર’ ‘શીઘ્ર’ નહિ માત્રા વિના, માત્રા નહીં પુદ્‌ગલ વિના,**
**તે કારણે પર-આશ્રયે ઉત્પન્ન ભાખ્યો કાળ આ. ૨૬.**

**અન્વયાર્થ** :—‘ચિર’ અથવા ‘ક્ષિપ્ર’ એવું જ્ઞાન (—બહુ કાળ અથવા થોડો કાળ એવું જ્ઞાન) પરિમાણ વિના (—કાળના માપ વિના) હોય નહિ; અને તે પરિમાણ ખરેખર પુદ્‌ગલદ્રવ્ય વિના થતું નથી; તેથી કાળ આશ્રિતપણે ઊપજનારો છે (અર્થાત્ વ્યવહારકાળ પરનો આશ્રય કરીને ઊપજે છે એમ ઉપચારથી કહેવાય છે). ।।૨૬।।

અહીં (આ ગાથામાં) સંસાર-અવસ્થાવાળા આત્માનું ૧સોપાધિ અને નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે.

છે જીવ, ચેતયિતા, પ્રભુ, ઉપયોગચિહ્ન, અમૂર્ત છે,
કર્તા અને ભોક્તા, શરીરપ્રમાણ, કર્મે યુક્ત છે. ૨૭.

**અન્વયાર્થ** :—(સંસારસ્થિત) આત્મા જીવ છે, ચેતયિતા (ચેતનારો) છે, ઉપયોગલક્ષિત છે, પ્રભુ છે, કર્તા છે, ભોક્તા છે, દેહપ્રમાણ છે, અમૂર્ત છે અને કર્મસંયુક્ત છે.

અહીં મુક્તાવસ્થાવાળા આત્માનું નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે.

સૌ કર્મમળથી મુક્ત આત્મા પામીને લોકાગ્રને,
સર્વજ્ઞદર્શી તે અનંત અનિંદ્રિ સુખને અનુભવે. ૨૮.

**અન્વયાર્થ** :—કર્મમળથી મુક્ત આત્મા ઊંચે લોકના અંતને પામીને તે સર્વજ્ઞ-સર્વદર્શી અનંત અનિંદ્રિય સુખને અનુભવે છે. ॥૨૮॥

આ, સિદ્ધના નિરુપાધિ જ્ઞાન, દર્શન અને સુખનું સમર્થન છે.

સ્વયમેવ ચેતક સર્વજ્ઞાની-સર્વદર્શી થાય છે,
ને નિજ અમૂર્ત અનંત અવ્યાબાધ સુખને અનુભવે. ૨૯.

**અન્વયાર્થ** :—તે ચેતયિતા (ચેતનારો આત્મા) સર્વજ્ઞ અને સર્વલોકદર્શી સ્વયં થયો થકો, સ્વકીય અમૂર્ત અવ્યાબાધ અનંત સુખને ઉપલબ્ધ કરે છે. ॥૨૯॥

આ, જીવત્વગુણની વ્યાખ્યા છે.

જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,
તે જીવ છે; ને પ્રાણ ઇન્દ્રિય-આયુ-બળ-ઉચ્છ્વાસ છે. ૩૦.

**અન્વયાર્થ** :—જે ચાર પ્રાણોથી જીવે છે, જીવશે અને પૂર્વે

જીવતો હતો, તે જીવ છે; અને પ્રાણો ઈન્દ્રિય, બળ, આયુ તથા ઉચ્છ્‌વાસ છે. ।।૩૦।।

અહીં જીવોનું સ્વાભાવિક પ્રમાણ તથા તેમનો મુક્ત ને અમુક્ત એવો વિભાગ કહ્યો છે.

**જે અગુરુલઘુક અનંત તે-રૂપ સર્વ જીવો પરિણમે;**
**સૌના પ્રદેશ અસંખ્ય; કતિપય લોકવ્યાપી હોય છે; ૩૧.**

**અવ્યાપી છે કતિપય; વળી નિર્દોષ સિદ્ધ જીવો ઘણા;**
**મિથ્યાત્વ-યોગ-કષાયયુત સંસારી જીવ બહુ જાણવા. ૩૨.**

**અન્વયાર્થ** :—અનંત એવા જે અગુરુલઘુ (ગુણો, અંશો) તે અનંત અગુરુલઘુ(ગુણ)રૂપે સર્વ જીવો પરિણત છે; તેઓ અસંખ્યાત પ્રદેશવાળા છે. કેટલાક કથંચિત્ આખા લોકને પ્રાપ્ત હોય છે અને કેટલાક અપ્રાપ્ત હોય છે. ઘણા (—અનંત) જીવો મિથ્યાદર્શન-કષાય-યોગસહિત સંસારી છે અને ઘણા (—અનંત જીવો) મિથ્યાદર્શન-કષાય-યોગરહિત સિદ્ધ છે. ।।૩૧-૩૨।।

આ, દેહપ્રમાણપણાના દ્રષ્ટાંતનું કથન છે (અર્થાત્ અહીં જીવનું દેહપ્રમાણપણું સમજાવવા દ્રષ્ટાંત કહ્યું છે).

**જ્યમ દૂધમાં સ્થિત પદ્મરાગમણિ પ્રકાશે દૂધને,**
**ત્યમ દેહમાં સ્થિત દેહી દેહપ્રમાણ વ્યાપકતા લહે. ૩૩.**

**અન્વયાર્થ**:—જેમ પદ્મરાગરત્ન દૂધમાં નાખવામાં આવ્યું થકું દૂધને પ્રકાશે છે, તેમ દેહી (જીવ) દેહમાં રહ્યો થકો સ્વદેહપ્રમાણ પ્રકાશે છે. ।।૩૩।।

અહીં જીવનું દેહથી દેહાંતરમાં (—એક શરીરથી અન્ય શરીરમાં) અસ્તિત્વ, દેહથી પૃથક્‌પણું અને દેહાંતરમાં ગમનનું કારણ કહેલ છે.

**તન તન ધરે જીવ, તન મહીં ઐક્યસ્થ પણ નહિ એક છે,**
**જીવ વિવિધ અધ્યવસાયયુત, રજમળમલિન થઈને ભમે. ૩૪.**

**અન્વયાર્થ** :—જીવ સર્વત્ર (ક્રમવર્તી સર્વ શરીરોમાં) છે અને કોઈ એક શરીરમાં (ક્ષીરનીરવત્) એકપણે રહ્યો હોવા છતાં તેની સાથે એક નથી; અધ્યવસાય-વિશિષ્ટ વર્તતો થકો રજમળ (કર્મમળ) વડે મલિન હોવાથી તે ભમે છે. ।।૩૪।।

આ, સિદ્ધોનાં (સિદ્ધભગવંતોનાં) જીવત્વ અને દેહપ્રમાણત્વની વ્યવસ્થા છે.

**જીવત્વ નહિ ને સર્વથા તદભાવ પણ નહિ જેમને,**
**તે સિદ્ધ છે—જે દેહવિરહિત વચનવિષયાતીત છે. ૩૫.**

**અન્વયાર્થ** :—જેમને જીવસ્વભાવ (–પ્રાણધારણરૂપ જીવત્વ) નથી અને સર્વથા તેનો અભાવ પણ નથી, તે દેહરહિત વચનગોચરાતીત સિદ્ધો (સિદ્ધભગવંતો) છે. ।।૩૫।।

આ, સિદ્ધને કાર્યકારણભાવ હોવાનો નિરાસ છે (અર્થાત્ સિદ્ધ-ભગવાનને કાર્યપણું અને કારણપણું હોવાનું નિરાકરણ—ખંડન છે).

**ઊપજે નહીં કો કારણે તે સિદ્ધ તેથી ન કાર્ય છે,**
**ઉપજાવતા નથી કાંઈ પણ તેથી ન કારણ પણ ઠરે. ૩૬.**

**અન્વયાર્થ**:—તે સિદ્ધ કોઈ (અન્ય) કારણથી ઊપજતા નથી તેથી કાર્ય નથી, અને કાંઈ પણ (અન્ય કાર્યને) ઊપજાવતા નથી તેથી તે કારણ પણ નથી. ।।૩૬।।

અહીં, 'જીવનો અભાવ તે મુક્તિ છે' એ વાતનું ખંડન કર્યું છે.

**સદ્ભાવ જો નહિ હોય તો ધ્રુવ, નાશ, ભવ્ય, અભવ્ય ને**
**વિજ્ઞાન, અણવિજ્ઞાન, શૂન્ય, અશૂન્ય—એ કંઈ નવ ઘટે. ૩૭.**

**અન્વયાર્થ** :—જો (મોક્ષમાં જીવનો) સદ્‌ભાવ ન હોય તો શાશ્વત, નાશવંત, ભવ્ય (–થવાયોગ્ય), અભવ્ય (–નહિ થવાયોગ્ય), શૂન્ય, અશૂન્ય, વિજ્ઞાન અને અવિજ્ઞાન (જીવદ્રવ્યને વિષે ) ન જ ઘટે. (માટે મોક્ષમાં જીવનો સદ્‌ભાવ છે જ.) ।।૩૭।।

આ, ૨ચેતયિતૃત્વગુણની વ્યાખ્યા છે.

ત્રણવિધ ચેતકભાવથી કો જીવરાશિ ‘કાર્ય’ને,
કો જીવરાશિ ‘કર્મફળ’ને, કોઈ ચેતે ‘જ્ઞાન’ને. ૩૮.

**અન્વયાર્થ** :—ત્રિવિધ ચેતકભાવ વડે એક જીવરાશિ કર્મોના ફળને, એક જીવરાશિ કાર્યને અને એક જીવરાશિ જ્ઞાનને ચેતે (–વેદે) છે. ।।૩૮।।

અહીં, કોણ શું ચેતે છે (અર્થાત્ કયા જીવને કઈ ચેતના હોય છે) તે કહ્યું છે.

વેદે કરમફળ સ્થાવરો, ત્રસ કાર્યયુત ફળ અનુભવે,
પ્રાણિત્વથી અતિક્રાંત જે તે જીવ વેદે જ્ઞાનને. ૩૯.

**અન્વયાર્થ**:—સર્વ સ્થાવર જીવસમૂહો ખરેખર કર્મફળને વેદે છે, ત્રસો ખરેખર કાર્યસહિત કર્મફળને વેદે છે અને જે પ્રાણિત્વને (–પ્રાણોને) અતિક્રમી ગયા છે તે જીવો જ્ઞાનને વેદે છે. ।।૩૯।।

હવે ઉપયોગગુણના વ્યાખ્યાનનો પ્રારંભ થાય છે.

છે જ્ઞાન ને દર્શન સહિત ઉપયોગ યુગલ પ્રકારનો;
જીવદ્રવ્યને તે સર્વ કાળ અનન્યરૂપે જાણવો. ૪૦.

**અન્વયાર્થ** :—જ્ઞાનથી અને દર્શનથી સંયુક્ત એવો ખરેખર બે પ્રકારનો ઉપયોગ જીવને સર્વ કાળ અનન્યપણે જાણો. ।।૪૦।।

આ, જ્ઞાનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવળ—પાંચ ભેદો જ્ઞાનના;
કુમતિ, કુશ્રુત, વિભંગ—ત્રણ પણ જ્ઞાન સાથે જોડવાં. ૪૧.

**અન્વયાર્થ** :—આભિનિબોધિક (–મતિ), શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ—એમ જ્ઞાનના પાંચ ભેદ છે; વળી કુમતિ, કુશ્રુત અને વિભંગ—એ ત્રણ (અજ્ઞાનો) પણ (પાંચ) જ્ઞાનો સાથે જોડવામાં આવ્યાં છે. (એ પ્રમાણે જ્ઞાનોપયોગના આઠ ભેદ છે.) ।।૪૧।।

આ, દર્શનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

દર્શન તણા ચક્ષુ-અચક્ષુરૂપ, અવધિરૂપ ને
નિઃસીમવિષય અનિધન કેવળરૂપ ભેદ કહેલ છે. ૪૨.

**અન્વયાર્થ**:—દર્શન પણ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને અનંત જેનો વિષય છે એવું અવિનાશી કેવળદર્શન —એમ ચાર ભેદવાળું કહ્યું છે. ।।૪૨।।

એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવાનું આ સમર્થન છે.

છે જ્ઞાનથી નહિ ભિન્ન જ્ઞાની, જ્ઞાન તોય અનેક છે;
તે કારણે તો વિશ્વરૂપ કહ્યું દરવને જ્ઞાનીએ. ૪૩.

**અન્વયાર્થ** :}જ્ઞાનથી જ્ઞાનીનો (–આત્માનો) ભેદ પાડવામાં આવતો નથી; તોપણ જ્ઞાનો અનેક છે. તેથી તો જ્ઞાનીઓએ દ્રવ્યને વિશ્વરૂપ (–અનેકરૂપ) કહ્યું છે. ।।૪૩।।

દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય અને ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું હોય તો દોષ આવે છે તેનું આ કથન છે.

**જો દ્રવ્ય ગુણથી અન્ય ને ગુણ અન્ય માનો દ્રવ્યથી,**
**તો થાય દ્રવ્ય-અનંતતા વા થાય નાસ્તિ દ્રવ્યની. ૪૪.**

**અન્વયાર્થ** :—જો દ્રવ્ય ગુણથી અન્ય (–ભિન્ન) હોય અને ગુણો દ્રવ્યથી અન્ય હોય તો દ્રવ્યની અનંતતા થાય અથવા દ્રવ્યનો અભાવ થાય. ॥૪૪॥

આ, દ્રવ્ય અને ગુણોના સ્વોચિત અનન્યપણાનું કથન છે (અર્થાત્ દ્રવ્ય અને ગુણોને કેવું અનન્યપણું ઘટે છે તે અહીં કહ્યું છે).

**ગુણ-દ્રવ્યને અવિભક્તરૂપ અનન્યતા બુધમાન્ય છે;**
**પણ ત્યાં વિભક્ત અનન્યતા વા અન્યતા નહિ માન્ય છે. ૪૫.**

**અન્વયાર્થ** :—દ્રવ્ય અને ગુણોને અવિભક્તપણારૂપ અનન્યપણું છે; નિશ્ચયના જાણનારાઓ તેમને વિભક્તપણારૂપ અન્યપણું કે (વિભક્તપણારૂપ) અનન્યપણું માનતા નથી. ॥૪૫॥

અહીં વ્યપદેશ વગેરે એકાંતે દ્રવ્ય-ગુણોના અન્યપણાનું કારણ હોવાનું ખંડન કર્યું છે.

**વ્યપદેશ ને સંસ્થાન, સંખ્યા, વિષય બહુ યે હોય છે;**
**તે તેમના અન્યત્વ તેમ અનન્યતામાં પણ ઘટે. ૪૬.**

**અન્વયાર્થ** :—વ્યપદેશો, સંસ્થાનો, સંખ્યાઓ અને વિષયો ઘણાં હોય છે. તે (વ્યપદેશ વગેરે), દ્રવ્ય-ગુણોના અન્યપણામાં તેમ જ અનન્યપણામાં પણ હોઈ શકે છે. ॥૪૬॥

આ, વસ્તુપણે ભેદ અને (વસ્તુપણે) અભેદનું ઉદાહરણ છે.

**ધનથી ‘ધની’ ને જ્ઞાનથી ‘જ્ઞાની’—દ્વિધા વ્યપદેશ છે,**
**તે રીત તત્ત્વજ્ઞો કહે એકત્વ તેમ પૃથક્ત્વને. ૪૭.**

**અન્વયાર્થ** :—જેવી રીતે ધન અને જ્ઞાન (પુરુષને) ‘ધની’ અને ‘જ્ઞાની’ કરે છે—એમ બે પ્રકારે કહેવામાં આવે છે, તેવી રીતે તત્ત્વજ્ઞો પૃથક્ત્વ તેમ જ એકત્વને કહે છે. ॥૪૮॥

દ્રવ્ય અને ગુણોને અર્થાંતરપણું હોય તો આ પ્રમાણે દોષ આવે.

જો હોય અર્થાંતરપણું અન્યોન્ય જ્ઞાની-જ્ઞાનને,
બન્ને અચેતનતા લહે—જિનદેવને નહિ માન્ય જે. ૪૮.

**અન્વયાર્થ** :—જો જ્ઞાની (–આત્મા) અને જ્ઞાન સદા પરસ્પર અર્થાંતરભૂત (ભિન્નપદાર્થભૂત) હોય તો બન્નેને અચેતનપણાનો પ્રસંગ આવે—કે જે જિનોને સમ્યક્ પ્રકારે અસંમત છે. ॥૪૮॥

આ, જ્ઞાન અને જ્ઞાનીને સમવાયસંબંધ હોવાનું નિરાકરણ (ખંડન) છે.

રે ! જીવ જ્ઞાનવિભિન્ન નહિ સમવાયથી જ્ઞાની બને;
‘અજ્ઞાની’ એવું વચન તે એકત્વની સિદ્ધિ કરે. ૪૯.

**અન્વયાર્થ** :—જ્ઞાનથી અર્થાંતરભૂત એવો તે (–આત્મા) સમવાયથી જ્ઞાની થાય છે એમ ખરેખર નથી. ‘અજ્ઞાની’ એવું વચન (ગુણ-ગુણીના) એકત્વને સિદ્ધ કરે છે. ॥૪૯॥

આ, સમવાયને વિષે પદાર્થાંતરપણું હોવાનું નિરાકરણ (ખંડન) છે.

સમવર્તિતા સમવાય છે, અપૃથક્ત્વ તે, અયુતત્વ તે;
તે કારણે ભાખી અયુતસિદ્ધિ ગુણો ને દ્રવ્યને. ૫૦.

**અન્વયાર્થ**:—સમવર્તીપણું તે સમવાય છે; તે જ, અપૃથક્પણું અને અયુતસિદ્ધપણું છે. તેથી દ્રવ્ય અને ગુણોની અયુતસિદ્ધિ (જિનોએ) કહી છે. ॥૫૦॥

દૃષ્ટાંતરૂપ અને દાર્ષ્ટાંતરૂપ પદાર્થપૂર્વક, દ્રવ્ય અને ગુણોના અભિન્ન-પદાર્થપણાના વ્યાખ્યાનનો આ ઉપસંહાર છે.

**પરમાણુમાં પ્રરૂપિત વરણ, રસ, ગંધ તેમ જ સ્પર્શ જે,**
**અણુથી અભિન્ન રહી વિશેષ વડે પ્રકાશે ભેદને; ૫૧.**

**ત્યમ જ્ઞાનદર્શન જીવનિયત અનન્ય રહીને જીવથી,**
**અન્યત્વના કર્તા બને વ્યપદેશથી—ન સ્વભાવથી. ૫૨.**

**અન્વયાર્થ** :—પરમાણુને વિષે પ્રરૂપવામાં આવતાં એવાં વર્ણ-રસ-ગંધ-સ્પર્શ દ્રવ્યથી અનન્ય વર્તતાં થકાં (વ્યપદેશના કારણભૂત) વિશેષો વડે અન્યત્વને પ્રકાશનારાં થાય છે (–સ્વભાવથી અન્યરૂપ નથી); એવી રીતે જીવને વિષે સંબદ્ધ એવાં દર્શન-જ્ઞાન (જીવદ્રવ્યથી) અનન્ય વર્તતાં થકાં વ્યપદેશ દ્વારા પૃથક્પણાને કરે છે, સ્વભાવથી નહિ. ।।૫૧-૫૨।।

હવે કર્તૃત્વગુણનું વ્યાખ્યાન છે. તેમાં, શરૂઆતની ત્રણ ગાથાઓથી તેનો ઉપોદ્‌ઘાત કરવામાં આવે છે.

**જીવો અનાદિ-અનંત, સાંત, અનંત છે જીવભાવથી,**
**સદ્‌ભાવથી નહિ અંત હોય; પ્રધાનતા ગુણ પાંચથી. ૫૩.**

**અન્વયાર્થ** :—જીવો (પારિણામિકભાવથી) અનાદિ-અનંત છે, (ત્રણ ભાવોથી) સાંત (અર્થાત્ સાદિ-સાંત) છે અને જીવભાવથી અનંત છે (અર્થાત્ જીવના સદ્‌ભાવરૂપ ક્ષાયિકભાવથી સાદિ-અનંત છે) કારણ કે સદ્‌ભાવથી જીવો અનંત જ હોય છે. તેઓ પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળા છે. ।।૫૩।।

આ, જીવને ભાવવશાત્ (ઔદયિકાદિ ભાવોને લીધે) સાદિ-સાંતપણું અને અનાદિ-અનંતપણું હોવામાં વિરોધનો પરિહાર છે.

**એ રીત સત્-વ્યય ને અસત્-ઉત્પાદ જીવને હોય છે,**
**—ભાખ્યું જિને, જે પૂર્વ-અપર વિરુદ્ધ પણ અવિરુદ્ધ છે. ૫૪.**

**અન્વયાર્થ** :—એ રીતે જીવને સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ હોય છે—એવું જિનવરોએ કહ્યું છે, કે જે અન્યોન્ય વિરુદ્ધ (૧૯મી ગાથાના કથન સાથે વિરોધવાળું) છતાં અવિરુદ્ધ છે. ॥૫૪॥

જીવને સત્ ભાવના ઉચ્છેદ અને અસત્ ભાવના ઉત્પાદમાં નિમિત્તભૂત ઉપાધિનું આ પ્રતિપાદન છે.

**તિર્યંચ-નારક-દેવ-માનવ નામની છે પ્રકૃતિ જે,**
**તે વ્યય કરે સત્ ભાવનો, ઉત્પાદ અસત્ તણો કરે. ૫૫.**

**અન્વયાર્થ** :—નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એવાં નામવાળી (નામકર્મની) પ્રકૃતિઓ સત્ ભાવનો નાશ અને અસત્ ભાવનો ઉત્પાદ કરે છે. ॥૫૫॥

જીવને ભાવોના ઉદયનું (–પાંચ ભાવોની પ્રગટતાનું ) આ વર્ણન છે.

**પરિણામ, ઉદય, ક્ષયોપશમ, ઉપશમ, ક્ષયે સંયુક્ત જે,**
**તે પાંચ જીવગુણ જાણવા; બહુ ભેદમાં વિસ્તીર્ણ છે. ૫૬.**

**અન્વયાર્થ** :—ઉદયથી યુક્ત, ઉપશમથી યુક્ત, ક્ષયથી યુક્ત, ક્ષયોપશમથી યુક્ત અને પરિણામથી યુક્ત—એવા (પાંચ) જીવગુણો (–જીવના ભાવો) છે; અને તેમને ઘણા પ્રકારોમાં વિસ્તારવામાં આવે છે. ॥૫૬॥

આ, જીવના ઔદયિકાદિ ભાવોના કર્તૃત્વપ્રકારનું કથન છે.

**પુદ્‌ગલકરમને વેદતાં આત્મા કરે જે ભાવને,**
**તે ભાવનો તે જીવ છે કર્તા—કહ્યું જિનશાસને. ૫૭.**

**અન્વયાર્થ** :—કર્મને વેદતો થકો જીવ જેવા ભાવને કરે છે, તે ભાવનો તે પ્રકારે તે કર્તા છે—એમ શાસનમાં કહ્યું છે. ॥૫૭॥

અહીં, (ઔદયિકાદિ ભાવોનાં) નિમિત્તમાત્ર તરીકે દ્રવ્યકર્મોને ઔદયિકાદિ ભાવોનું કર્તાપણું કહ્યું છે.

પુદ્‌ગલકરમ વિણ જીવને ઉપશમ, ઉદય, ક્ષાયિક અને
ક્ષાયોપશમિક ન હોય, તેથી કર્મકૃત એ ભાવ છે. ૫૮.

**અન્વયાર્થ :**—કર્મ વિના જીવને ઉદય, ઉપશમ, ક્ષાયિક અથવા ક્ષાયોપશમિક હોતો નથી, તેથી ભાવ (–ચતુર્વિધ જીવભાવ) કર્મકૃત છે. ।।૫૮।।

કર્મને જીવભાવનું કર્તાપણું હોવાની બાબતમાં આ પૂર્વપક્ષ છે.

જો ભાવકર્તા કર્મ, તો શું કર્મકર્તા જીવ છે?
જીવ તો કદી કરતો નથી નિજ ભાવ વિણ કંઈ અન્યને. ૫૯.

**અન્વયાર્થ :**—જો ભાવ (–જીવભાવ) કર્મકૃત હોય તો આત્મા કર્મનો (–દ્રવ્યકર્મનો) કર્તા હોવો જોઈએ. તે તો કેમ બને? કારણ કે આત્મા તો પોતાના ભાવને છોડીને બીજું કાંઈ પણ કરતો નથી. ।।૫૯।।

આ, પૂર્વ સૂત્રમાં (૫૯મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સમાધાનરૂપ સિદ્ધાંત છે.

રે! ભાવ કર્મનિમિત્ત છે ને કર્મ ભાવનિમિત્ત છે,
અન્યોન્ય નહિ કર્તા ખરે; કર્તા વિના નહિ થાય છે. ૬૦.

**અન્વયાર્થ :**—જીવભાવનું કર્મ નિમિત્ત છે અને કર્મનું જીવભાવ નિમિત્ત છે, પરંતુ ખરેખર એકબીજાનાં કર્તા નથી; કર્તા વિના થાય છે એમ પણ નથી. ।।૬૦।।

નિશ્ચયથી જીવને પોતાના ભાવોનું કર્તાપણું છે અને પુદ્‌ગલકર્મોનું અકર્તાપણું છે એમ અહીં આગમ વડે દર્શાવવામાં આવ્યું છે.

નિજ ભાવ કરતો આતમા કર્તા ખરે નિજ ભાવનો,
કર્તા ન પુદ્‌ગલકર્મનો;—ઉપદેશ જિનનો જાણવો. ૬૧.

**અન્વયાર્થ :—**પોતાના સ્વભાવને કરતો આત્મા ખરેખર પોતાના ભાવનો કર્તા છે, પુદ્‌ગલકર્મોનો નહિ; આમ જિનવચન જાણવું. ॥૬૧॥

નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી કર્મ અને જીવ સ્વયં સ્વરૂપના (–પોતપોતાના રૂપના) કર્તા છે એમ અહીં કહ્યું છે.

**રે! કર્મ આપસ્વભાવથી નિજ કર્મપર્યયને કરે,**
**આત્માય કર્મસ્વભાવરૂપ નિજ ભાવથી નિજને કરે. ૬૨.**

**અન્વયાર્થ :—**કર્મ પણ પોતાના સ્વભાવથી પોતાને કરે છે અને તેવો જીવ પણ કર્મસ્વભાવ ભાવથી (–ઔદયિકાદિ ભાવથી) બરાબર પોતાને કરે છે. ॥૬૨॥

જો કર્મ અને જીવને અન્યોન્ય અકર્તાપણું હોય, તો 'અન્યે દીધેલું ફળ અન્ય ભોગવે' એવો પ્રસંગ આવે;—આવો દોષ બતાવીને અહીં પૂર્વપક્ષ રજૂ કરવામાં આવ્યો છે.

**જો કર્મ કર્મ કરે અને આત્મા કરે બસ આત્મને,**
**ક્યમ કર્મ ફળ દે જીવને? ક્યમ જીવ તે ફળ ભોગવે? ૬૩.**

**અન્વયાર્થ :—**જો કર્મ કર્મને કરે અને આત્મા આત્માને કરે તો કર્મ આત્માને ફળ કેમ આપે અને આત્મા તેનું ફળ કેમ ભોગવે? ॥૬૩॥

હવે સિદ્ધાંતસૂત્રો છે (અર્થાત્ હવે ૬૩મી ગાથામાં કહેલા પૂર્વપક્ષના નિરાકરણ-પૂર્વક સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારી ગાથાઓ કહેવામાં આવે છે).

**અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્‌ગલકાયથી**
**આ લોક બાદર-સૂક્ષ્મથી, વિધવિધ અનંતાનંતથી. ૬૪.**

**અન્વયાર્થ :—**લોક સર્વતઃ વિવિધ પ્રકારના, અનંતાનંત સૂક્ષ્મ તેમ જ બાદર પુદ્‌ગલકાયો (પુદ્‌ગલસ્કંધો) વડે (વિશિષ્ટ રીતે) અવગાહઈને ગાઢ ભરેલો છે. ॥૬૪॥

અન્ય વડે કરવામાં આવ્યા વિના કર્મની ઉત્પત્તિ કઈ રીતે થાય છે તેનું આ કથન છે.

**આત્મા કરે નિજ ભાવ જ્યાં, ત્યાં પુદ્‌ગલો નિજ ભાવથી**
**કર્મત્વરૂપે પરિણમે અન્યોન્ય-અવગાહિત થઈ. ૬૫.**

**અન્વયાર્થ :—**આત્મા (મોહરાગદ્વેષરૂપ) પોતાના ભાવને કરે છે; (ત્યારે) ત્યાં રહેલાં પુદ્‌ગલો પોતાના ભાવોથી જીવને વિષે (વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય-અવગાહરૂપે પ્રવેશ્યાં થકાં કર્મભાવને પામે છે. ॥૬૫॥

કર્મોની વિચિત્રતા (બહુપ્રકારતા) અન્ય વડે કરવામાં આવતી નથી એમ અહીં કહ્યું છે.

**જ્યમ સ્કંધરચના બહુવિધા દેખાય છે પુદ્‌ગલ તણી**
**પરથી અકૃત, તે રીત જાણો વિવિધતા કર્મો તણી. ૬૬.**

**અન્વયાર્થ :—**જેમ પુદ્‌ગલદ્રવ્યોની બહુ પ્રકારે સ્કંધરચના પરથી કરાયા વિના થતી જોવામાં આવે છે, તેમ કર્મોની બહુપ્રકારતા પરથી અકૃત જાણો. ॥૬૬॥

નિશ્ચયથી જીવ અને કર્મને એકનું જ (નિજ નિજ રૂપનું જ) કર્તાપણું હોવા છતાં, વ્યવહારથી જીવને કર્મે દીધેલા ફળનો ભોગવટો વિરોધ પામતો નથી. એમ અહીં કહ્યું છે.

**જીવ-પુદ્‌ગલો અન્યોન્યમાં અવગાહ ગ્રહીને બદ્ધ છે;**
**કાળે વિયોગ લહે તદા સુખદુઃખ આપે—ભોગવે. ૬૭.**

**અન્વયાર્થ :—**જીવો અને પુદ્‌ગલકાયો (વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય-અવગાહને ગ્રહવા વડે (પરસ્પર) બદ્ધ છે; કાળે છૂટા પડતાં સુખદુઃખ આપે છે અને ભોગવે છે (અર્થાત્ પુદ્‌ગલકાયો સુખદુઃખ આપે છે અને જીવો ભોગવે છે). ॥૬૭॥

આ, કર્તૃત્વ અને ભોક્તૃત્વની વ્યાખ્યાનો ઉપસંહાર છે.

તેથી કરમ, જીવભાવથી સંયુક્ત, કર્તા જાણવું;
ભોક્તાપણું તો જીવને ચેતકપણે તત્ફળ તણું. ૬૮.

**અન્વયાર્થ** :— તેથી જીવના ભાવથી સંયુક્ત એવું કર્મ (દ્રવ્યકર્મ) કર્તા છે (–નિશ્ચયથી પોતાનું કર્તા અને વ્યવહારથી જીવભાવનું કર્તા; પરંતુ તે ભોક્તા નથી). ભોક્તા તો (માત્ર) જીવ છે ચેતકભાવને લીધે કર્મફળનો. ॥૬૮॥

આ, કર્મસંયુક્તપણાની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન છે.

કર્તા અને ભોક્તા થતો એ રીત નિજ કર્મો વડે
જીવ મોહથી આચ્છન્ન સાંત અનંત સંસારે ભમે. ૬૯.

**અન્વયાર્થ** :—એ રીતે પોતાનાં કર્મોથી કર્તા-ભોક્તા થતો આત્મા મોહાચ્છાદિત વર્તતો થકો સાંત અથવા અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે. ॥૬૯॥

આ, કર્મવિયુક્તપણાની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન છે.

જિનવચનથી લહી માર્ગ જે, ઉપશાંતક્ષીણમોહી બને,
જ્ઞાનાનુમાર્ગ વિષે ચરે, તે ધીર શિવપુરને વરે. ૭૦.

**અન્વયાર્થ** :—જે (પુરુષ) જિનવચનથી માર્ગને પામીને ઉપશાંતક્ષીણમોહ થયો થકો (અર્થાત્ દર્શનમોહનો જેને ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થયો છે એવો થયો થકો) જ્ઞાનાનુમાર્ગે ચરે છે (–જ્ઞાનને અનુસરનારા માર્ગે પ્રવર્તે છે), તે ધીર પુરુષ નિર્વાણપુરને પામે છે. ॥૭૦॥

હવે જીવના ભેદો કહેવામાં આવે છે.

એક જ મહાત્મા તે દ્વિભેદ અને ત્રિલક્ષણ ઉક્ત છે,
ચઉભ્રમણયુત, પંચાગ્રગુણપરધાન જીવ કહેલ છે; ૭૧.

**ઉપયોગી ષટ-અપક્રમસહિત છે, સપ્તભંગીસત્ત્વ છે,**
**જીવ અષ્ટ-આશ્રય, નવ-અરથ, દશસ્થાનગત ભાખેલ છે. ૭૨.**

**અન્વયાર્થ :**—તે મહાત્મા એક જ છે, બે ભેદવાળો છે અને ત્રિલક્ષણ છે; વળી તેને ચતુર્વિધ ભ્રમણવાળો તથા પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળો કહ્યો છે. ઉપયોગી એવો તે જીવ છ અપક્રમ સહિત, સાત ભંગપૂર્વક સદ્‌ભાવવાળો, આઠના આશ્રયરૂપ, નવ-અર્થરૂપ અને દશસ્થાનગત કહેવામાં આવ્યો છે. ા૭૧-૭૨ા

બદ્ધ જીવને કર્મનિમિત્તક ષડ્‌વિધ ગમન (અર્થાત્ કર્મ જેમાં નિમિત્તભૂત છે એવું છ દિશાઓમાં ગમન) હોય છે; મુક્ત જીવને પણ સ્વાભાવિક એવું એક ઊર્ધ્વગમન હોય છે.—આમ અહીં કહ્યું છે.

**પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભવબંધથી પરિમુક્તને**
**ગતિ હોય ઊંચે; શેષને વિદિશા તજી ગતિ હોય છે. ૭૩.**

**અન્વયાર્થ :**—પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધથી સર્વતઃ મુક્ત જીવ ઊર્ધ્વગમન કરે છે; બાકીના જીવો (ભવાંતરમાં જતાં) વિદિશાઓ છોડીને ગમન કરે છે. ા૭૩ા

આ, પુદ્‌ગલદ્રવ્યના ભેદોનું કથન છે.

જડરૂપ પુદ્‌ગલકાય કેરા ચાર ભેદો જાણવા;
તે સ્કંધ, તેનો દેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ કહ્યા. ૭૪.

**અન્વયાર્થ** :—પુદ્‌ગલકાયના ચાર ભેદ જાણવા : સ્કંધો, સ્કંધદેશો, સ્કંધપ્રદેશો અને પરમાણુઓ. ॥૭૪॥

આ, પુદ્‌ગલદ્રવ્યના ભેદોનું વર્ણન છે.

પૂરણ-સકળ તે 'સ્કંધ' છે ને અર્ધ તેનું 'દેશ' છે,
અર્ધાર્ધ તેનું 'પ્રદેશ' ને અવિભાગ તે 'પરમાણુ' છે. ૭૫.

**અન્વયાર્થ** :—સકળ-સમસ્ત (પુદ્‌ગલપિંડાત્મક આખી વસ્તુ) તે સ્કંધ છે, તેના અર્ધને દેશ કહે છે, અર્ધનું અર્ધ તે પ્રદેશ છે અને અવિભાગી તે ખરેખર પરમાણુ છે. ॥૭૫॥

સ્કંધોને વિષે 'પુદ્‌ગલ' એવો જે વ્યવહાર છે તેનું આ સમર્થન છે.

સૌ સ્કંધ બાદર-સૂક્ષ્મમાં 'પુદ્‌ગલ' તણો વ્યવહાર છે;
છ વિકલ્પ છે સ્કંધો તણા, જેથી ત્રિજગ નિષ્પન્ન છે. ૭૬.

**અન્વયાર્થ**:—બાદર ને સૂક્ષ્મપણે પરિણત સ્કંધોને 'પુદ્‌ગલ' એવો વ્યવહાર છે. તેઓ છ પ્રકારના છે, જેમનાથી ત્રણ લોક નિષ્પન્ન છે. ॥૭૬॥

આ, પરમાણુની વ્યાખ્યા છે.

જે અંશ અંતિમ સ્કંધનો, પરમાણુ જાણો તેહને;
તે એક ને અવિભાગ, શાશ્વત, મૂર્તિપ્રભવ, અશબ્દ છે. ૭૭.

**અન્વયાર્થ** :—સર્વ સ્કંધોનો જે અંતિમ ભાગ તેને પરમાણુ જાણો. તે અવિભાગી, એક, શાશ્વત, મૂર્તિપ્રભવ (મૂર્તપણે ઊપજનારો) અને અશબ્દ છે. ॥૭૭॥

પરમાણુઓ ભિન્ન ભિન્ન જાતિના હોવાનું આ ખંડન છે.

**આદેશમાત્રથી મૂર્ત, ધાતુચતુષ્કનો છે હેતુ જે,**
**તે જાણવો પરમાણુ—જે પરિણામી, આપ અશબ્દ છે. ૭૮.**

**અન્વયાર્થ** :—જે આદેશમાત્રથી મૂર્ત છે (અર્થાત્ માત્ર ભેદવિવક્ષાથી મૂર્તત્વવાળો કહેવાય છે) અને જે (પૃથ્વી આદિ) ચાર ધાતુઓનું કારણ છે તે પરમાણુ જાણવો—કે જે પરિણામગુણવાળો છે અને સ્વયં અશબ્દ છે. ॥૭૮॥

શબ્દ પુદ્‌ગલસ્કંધપર્યાય છે એમ અહીં દર્શાવ્યું છે.

**છે શબ્દ સ્કંધોત્પન્ન; સ્કંધો અણુસમૂહસંઘાત છે,**
**સ્કંધાભિઘાતે શબ્દ ઊપજે, નિયમથી ઉત્પાદ્ય છે. ૭૯.**

**અન્વયાર્થ** :—શબ્દ સ્કંધજન્ય છે. સ્કંધ પરમાણુદળનો સંઘાત છે, અને તે સ્કંધો સ્પર્શાતાં—અથડાતાં શબ્દ ઉત્પન્ન થાય છે; એ રીતે તે (શબ્દ) નિયતપણે ઉત્પાદ્ય છે. ॥૭૯॥

આ, પરમાણુના એકપ્રદેશીપણાનું કથન છે.

**નહિ અનવકાશ, ન સાવકાશ પ્રદેશથી, અણુ શાશ્વતો,**
**ભેત્તા રચયિતા સ્કંધનો, પ્રવિભાગી સંખ્યા-કાળનો. ૮૦.**

**અન્વયાર્થ** :—પ્રદેશ દ્વારા પરમાણુ નિત્ય છે, અનવકાશ નથી, સાવકાશ નથી, સ્કંધોનો તોડનાર તેમ જ કરનાર છે તથા કાળ ને સંખ્યાનો વિભાગનાર છે (અર્થાત્ કાળનો ભાગ પાડે છે અને સંખ્યાનું માપ કરે છે). ॥૮૦॥

આ, પરમાણુદ્રવ્યમાં ગુણ-પર્યાય વર્તવાનું (ગુણ અને પર્યાય હોવાનું) કથન છે.

**એક જ વરણ-રસ-ગંધ ને બે સ્પર્શયુત પરમાણુ છે,**
**તે શબ્દહેતુ, અશબ્દ છે, ને સ્કંધમાં પણ દ્રવ્ય છે. ૮૧.**

**અન્વયાર્થ :**—તે પરમાણુ એક રસવાળો, એક વર્ણવાળો, એક ગંધવાળો તથા બે સ્પર્શવાળો છે, શબ્દનું કારણ છે, અશબ્દ છે અને સ્કંધની અંદર હોય તોપણ (પરિપૂર્ણ સ્વતંત્ર) દ્રવ્ય છે એમ જાણો. ।।૮૧।।

આ, સર્વ પુદ્‌ગલભેદોનો ઉપસંહાર છે.

**ઇન્દ્રિય વડે ઉપભોગ્ય, ઇન્દ્રિય, કાય, મન ને કર્મ જે,**
**વળી અન્ય જે કંઈ મૂર્ત તે સઘળુંય પુદ્‌ગલ જાણજે. ૮૨.**

**અન્વયાર્થ :**—ઇન્દ્રિયો વડે ઉપભોગ્ય વિષયો, ઇન્દ્રિયો, શરીરો, મન, કર્મો અને બીજું જે કાંઈ મૂર્ત હોય તે સઘળું પુદ્‌ગલ જાણો. ।।૮૨।।

આ, ધર્મના (ધર્માસ્તિકાયના) સ્વરૂપનું કથન છે.

ધર્માસ્તિકાય અવર્ણગંધ, અશબ્દરસ, અસ્પર્શ છે;
લોકાવગાહી, અખંડ છે, વિસ્તૃત, અસંખ્યપ્રદેશ છે. ૮૩.

**અન્વયાર્થ** :—ધર્માસ્તિકાય અસ્પર્શ, અરસ, અગંધ, અવર્ણ અને અશબ્દ છે; લોકવ્યાપક છે; અખંડ, વિશાળ અને અસંખ્યાતપ્રદેશી છે. ॥૮૩॥

આ, ધર્મના જ બાકીના સ્વરૂપનું કથન છે.

જે અગુરુલઘુક અનંત તે-રૂપ સર્વદા એ પરિણમે,
છે નિત્ય, આપ અકાર્ય છે, ગતિપરિણમિતને હેતુ છે. ૮૪.

**અન્વયાર્થ** :—તે (ધર્માસ્તિકાય) અનંત એવા જે અગુરુલઘુ (ગુણો, અંશો) તે-રૂપે સદા પરિણમે છે, નિત્ય છે, ગતિક્રિયાયુક્તને કારણભૂત (નિમિત્તરૂપ) છે અને પોતે અકાર્ય છે. ॥૮૪॥

આ, ધર્મના ગતિહેતુત્વ વિષે દ્રષ્ટાંત છે.

જ્યમ જગતમાં જળ મીનને અનુગ્રહ કરે છે ગમનમાં,
ત્યમ ધર્મ પણ અનુગ્રહ કરે જીવ-પુદ્‌ગલોને ગમનમાં. ૮૫.

**અન્વયાર્થ**:—જેમ જગતમાં પાણી માછલાંઓને ગમનમાં અનુગ્રહ કરે છે, તેમ ધર્મદ્રવ્ય જીવ-પુદ્‌ગલોને ગમનમાં અનુગ્રહ કરે છે (–નિમિત્તભૂત હોય છે) એમ જાણો. ॥૮૫॥

આ, અધર્મના સ્વરૂપનું કથન છે.

જ્યમ ધર્મનામક દ્રવ્ય તેમ અધર્મનામક દ્રવ્ય છે;
પણ દ્રવ્ય આ છે પૃથ્વી માફક હેતુ થિતિપરિણમિતને. ૮૬.

**અન્વયાર્થ** :—જેમ ધર્મદ્રવ્ય છે તેમ અધર્મ નામનું દ્રવ્ય પણ જાણો; પરંતુ તે (ગતિક્રિયા-યુક્તને કારણભૂત હોવાને બદલે) સ્થિતિક્રિયા-યુક્તને પૃથ્વીની માફક કારણભૂત છે (અર્થાત્ સ્થિતિક્રિયાપરિણત જીવ-પુદ્‌ગલોને નિમિત્તભૂત છે). ॥૮૬॥

આ, ધર્મ અને અધર્મના સદ્‌ભાવની સિદ્ધિ માટે હેતુ દર્શાવવામાં આવ્યો છે.

**ધર્માધરમ હોવાથી લોક-અલોક ને સ્થિતિગતિ બને;**
**તે ઉભય ભિન્ન-અભિન્ન છે ને સકળલોકપ્રમાણ છે. ૮૭.**

**અન્વયાર્થ :**—(જીવ-પુદ્‌ગલની) ગતિ-સ્થિતિ તથા અલોક ને લોકનો વિભાગ, તે બે દ્રવ્યોના સદ્‌ભાવથી થાય છે. વળી તે બંને વિભક્ત, અવિભક્ત અને લોકપ્રમાણ કહેવામાં આવ્યાં છે. ॥૮૭॥

ધર્મ અને અધર્મ ગતિ અને સ્થિતિના હેતુઓ હોવા છતાં તેઓ અત્યંત ઉદાસીન છે એમ અહીં કથન છે.

**ધર્માસ્તિ ગમન કરે નહીં, ન કરાવતો પરદ્રવ્યને;**
**જીવ-પુદ્‌ગલોના ગતિપ્રસાર તણો ઉદાસીન હેતુ છે. ૮૮.**

**અન્વયાર્થ :**—ધર્માસ્તિકાય ગમન કરતો નથી અને અન્ય દ્રવ્યને ગમન કરાવતો નથી; તે, જીવો તથા પુદ્‌ગલોને (ગતિપરિણામમાં આશ્રય-માત્રરૂપ હોવાથી) ગતિનો ઉદાસીન પ્રસારનાર (અર્થાત્ ગતિપ્રસારમાં ઉદાસીન નિમિત્તભૂત) છે. ॥૮૮॥

આ, ધર્મ અને અધર્મના ઉદાસીનપણાની બાબતમાં હેતુ કહેવામાં આવ્યો છે.

**રે ! જેમને ગતિ હોય છે, તેઓ જ વળી સ્થિર થાય છે;**
**તે સર્વ નિજ પરિણામથી જ કરે ગતિસ્થિતિભાવને. ૮૯.**

**અન્વયાર્થ :**—(ધર્મ-અધર્મ ગતિ-સ્થિતિના મુખ્ય હેતુઓ નથી, કારણ કે) જેમને ગતિ હોય છે તેમને જ વળી સ્થિતિ થાય છે (અને જેમને સ્થિતિ હોય છે તેમને જ વળી ગતિ થાય છે). તેઓ (ગતિસ્થિતિમાન પદાર્થો) તો પોતાના પરિણામોથી ગતિ અને સ્થિતિ કરે છે. ॥૮૮॥

આ, આકાશના સ્વરૂપનું કથન છે.

**જે લોકમાં જીવ-પુદ્‌ગલોને, શેષ દ્રવ્ય સમસ્તને**
**અવકાશ દે છે પૂર્ણ, તે આકાશનામક દ્રવ્ય છે. ૯૦.**

**અન્વયાર્થ :**—લોકમાં જીવોને અને પુદ્‌ગલોને તેમ જ બધાં બાકીનાં દ્રવ્યોને જે સંપૂર્ણ અવકાશ આપે છે, તે આકાશ છે. ॥૯૦॥

આ, લોકની બહાર (પણ) આકાશ હોવાની સૂચના છે.

**જીવ-પુદ્‌ગલાદિક શેષ દ્રવ્ય અનન્ય જાણો લોકથી;**
**નભ અંતશૂન્ય અનન્ય તેમ જ અન્ય છે એ લોકથી. ૯૧.**

**અન્વયાર્થ :**—જીવો, પુદ્‌ગલકાયો, ધર્મ અને અધર્મ (તેમ જ કાળ) લોકથી અનન્ય છે; અંત રહિત એવું આકાશ તેનાથી (લોકથી) અનન્ય તેમ જ અન્ય છે. ॥૯૧॥

જે કેવળ અવકાશનો જ હેતુ છે એવું જે આકાશ તેને વિષે ગતિસ્થિતિ-હેતુત્વ (પણ) હોવાની શંકા કરવામાં આવે તો દોષ આવે છે તેનું આ કથન છે.

**અવકાશદાયક આભ ગતિ-થિતિહેતુતા પણ જો ધરે,**
**તો ઊર્ધ્વગતિપરધાન સિદ્ધો કેમ તેમાં સ્થિતિ લહે? ૯૨.**

**અન્વયાર્થ :**—જો આકાશ ગતિ-સ્થિતિનાં કારણ સહિત અવકાશ આપતું હોય (અર્થાત્ જો આકાશ અવકાશહેતુ પણ હોય અને ગતિ-સ્થિતિહેતુ પણ હોય) તો ઊર્ધ્વગતિપ્રધાન સિદ્ધો તેમાં (આકાશમાં) કેમ સ્થિર હોય? (આગળ ગમન કેમ ન કરે?) ॥૯૩॥

આ, સ્થિતિપક્ષ સંબંધી કથન છે.

**ભાખી જિનોએ લોકના અગ્રે સ્થિતિ સિદ્ધો તણી,**
**તે કારણે જાણો—ગતિસ્થિતિ આભમાં હોતી નથી. ૯૩.**

**અન્વયાર્થ :**—જેથી જિનવરોએ સિદ્ધોની લોકના ઉપર સ્થિતિ કહી છે, તેથી ગતિ-સ્થિતિ આકાશમાં હોતી નથી (અર્થાત્ ગતિસ્થિતિહેતુત્વ આકાશને વિષે નથી) એમ જાણો. ।।૯૩।।

અહીં, આકાશને ગતિસ્થિતિહેતુત્વનો અભાવ હોવા વિષે હેતુ રજૂ કરવામાં આવ્યો છે.

**નભ હોય જો ગતિહેતુ ને સ્થિતિહેતુ પુદ્ગલ-જીવને,**
**તો હાનિ થાય અલોકની, લોકાન્ત પામે વૃદ્ધિને. ૯૪.**

**અન્વયાર્થ :**—જો આકાશ જીવ-પુદ્ગલોને ગતિહેતુ અને સ્થિતિહેતુ હોય તો અલોકની હાનિનો અને લોકના અંતની વૃદ્ધિનો પ્રસંગ આવે. ।।૯૪।।

આ, આકાશને ગતિસ્થિતિહેતુત્વ હોવાના ખંડન સંબંધી કથનનો ઉપસંહાર છે.

**તેથી ગતિસ્થિતિહેતુઓ ધર્માધરમ છે, નભ નહીં;**
**ભાખ્યું જિનોએ આમ લોકસ્વભાવના શ્રોતા પ્રતિ. ૯૫.**

**અન્વયાર્થ :**—તેથી ગતિ અને સ્થિતિનાં કારણ ધર્મ અને અધર્મ છે, આકાશ નહિ. આમ લોકસ્વભાવના શ્રોતાઓ પ્રત્યે જિનવરોએ કહ્યું છે. ।।૯૫।।

અહીં, ધર્મ, અધર્મ અને લોકાકાશનું અવગાહની અપેક્ષાએ એકત્વ હોવા છતાં વસ્તુપણે અન્યત્વ કહેવામાં આવ્યું છે.

**ધર્માધરમ-નભને સમાનપ્રમાણયુત અપૃથક્ત્વથી,**
**વળી ભિન્નભિન્ન વિશેષથી, એકત્વ ને અન્યત્વ છે. ૯૬.**

**અન્વયાર્થ :**—ધર્મ, અધર્મ અને આકાશ (લોકાકાશ) સમાન પરિમાણવાળાં અપૃથગ્ભૂત હોવાથી તેમ જ પૃથક્-ઉપલબ્ધ (ભિન્નભિન્ન) વિશેષવાળાં હોવાથી એકત્વ તેમ જ અન્યત્વને કરે છે. ।।૯૬।।

અહીં દ્રવ્યોનું મૂર્તામૂર્તપણું અને ચેતના-ચેતનપણું કહેવામાં આવ્યું છે.

આત્મા અને આકાશ, ધર્મ, અધર્મ, કાળ અમૂર્ત છે,
છે મૂર્ત પુદ્ગલદ્રવ્ય; તેમાં જીવ છે ચેતન ખરે. ૯૭.

**અન્વયાર્થ :**—આકાશ, કાળ, જીવ, ધર્મ અને અધર્મ અમૂર્ત છે, પુદ્ગલદ્રવ્ય મૂર્ત છે. તેમાં જીવ ખરેખર ચેતન છે. ॥૯૭॥

અહીં (દ્રવ્યોનું) સક્રિય-નિષ્ક્રિયપણું કહેવામાં આવ્યું છે.

જીવ-પુદ્ગલો સહભૂત છે સક્રિય, નિષ્ક્રિય શેષ છે;
છે કાળ પુદ્ગલને કરણ, પુદ્ગલ કરણ છે જીવને. ૯૮.

**અન્વયાર્થ :**—બાહ્ય કરણ સહિત રહેલા જીવો અને પુદ્ગલો સક્રિય છે, બાકીનાં દ્રવ્યો સક્રિય નથી (—નિષ્ક્રિય છે); જીવો પુદ્ગલકરણવાળા (—જેમને સક્રિયપણામાં પુદ્ગલ બહિરંગ સાધન હોય એવા) છે અને સ્કંધો અર્થાત્ પુદ્ગલો તો કાળકરણવાળા (—જેમને સક્રિયપણામાં કાળ બહિરંગ સાધન હોય એવા) છે. ॥૯૮॥

આ, મૂર્ત અને અમૂર્તનાં લક્ષણનું કથન છે.

છે જીવને જે વિષય ઇન્દ્રિયગ્રાહ્ય, તે સૌ મૂર્ત છે;
બાકી બધુંય અમૂર્ત છે; મન જાણતું તે ઉભયને. ૯૯.

**અન્વયાર્થ :**—જે પદાર્થો જીવોના ઇન્દ્રિયગ્રાહ્ય વિષયો છે તેઓ મૂર્ત છે અને બાકીનો પદાર્થસમૂહ અમૂર્ત છે. ચિત્ત તે બંનેને ગ્રહણ કરે છે (–જાણે છે). ॥૯૯॥

આ, વ્યવહારકાળ તથા નિશ્ચયકાળના સ્વરૂપનું કથન છે.

પરિણામભવ છે કાળ, કાળપદાર્થભવ પરિણામ છે;
—આ છે સ્વભાવો ઉભયના; ક્ષણભંગી ને ધ્રુવ કાળ છે. ૧૦૦.

**અન્વયાર્થ :**—કાળ પરિણામથી ઉત્પન્ન થાય છે (અર્થાત્

વ્યવહારકાળ જીવ-પુદ્ગલોના પરિણામથી મપાય છે); પરિણામ દ્રવ્યકાળથી ઉત્પન્ન થાય છે.—આ, બંનેનો સ્વભાવ છે. કાળ ક્ષણભંગુર તેમ જ નિત્ય છે. ||૧૦૦||

કાળના 'નિત્ય' અને 'ક્ષણિક' એવા બે વિભાગનું આ કથન છે.

છે 'કાળ' સંજ્ઞા સત્પ્રરૂપક તેથી કાળ સુનિત્ય છે;
ઉત્પન્નધ્વંસી અન્ય જે તે દીર્ઘસ્થાયી પણ ઠરે. ૧૦૧.

**અન્વયાર્થ** :—'કાળ' એવો વ્યપદેશ સદ્ભાવનો પ્રરૂપક છે તેથી કાળ (નિશ્ચયકાળ) નિત્ય છે. ઉત્પન્નધ્વંસી એવો જે બીજો કાળ (અર્થાત્ ઉત્પન્ન થતાં વેંત જ નષ્ટ થનારો જે વ્યવહારકાળ) તે (ક્ષણિક હોવા છતાં પ્રવાહઅપેક્ષાએ) દીર્ઘ સ્થિતિનો પણ (કહેવાય) છે. ||૧૦૧||

આ, કાળને દ્રવ્યપણાના વિધાનનું અને અસ્તિકાયપણાના નિષેધનું કથન છે (અર્થાત્ કાળને દ્રવ્યપણું છે પણ અસ્તિકાયપણું નથી એમ અહીં કહ્યું છે).

આ જીવ, પુદ્ગલ, કાળ, ધર્મ, અધર્મ તેમ જ નભ વિષે
છે 'દ્રવ્ય'સંજ્ઞા સર્વને, કાયત્વ છે નહિ કાળને. ૧૦૨.

**અન્વયાર્થ** :—આ કાળ, આકાશ, ધર્મ, અધર્મ, પુદ્ગલો અને જીવો (બધાં) 'દ્રવ્ય'સંજ્ઞાને પામે છે; પરંતુ કાળને કાયપણું નથી. ||૧૦૨||

અહીં પંચાસ્તિકાયના અવબોધનું ફળ કહીને પંચાસ્તિકાયના વ્યાખ્યાનનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.

એ રીત પ્રવચનસારરૂપ 'પંચાસ્તિસંગ્રહ' જાણીને
જે જીવ છોડે રાગદ્વેષ, લહે સકળદુખમોક્ષને. ૧૦૩.

**અન્વયાર્થ** :—એ પ્રમાણે પ્રવચનના સારભૂત

'પંચાસ્તિકાયસંગ્રહ'ને જાણીને જે રાગદ્વેષને છોડે છે, તે દુઃખથી પરિમુક્ત થાય છે. ।।૧૦૩।।

આ, દુઃખથી વિમુક્ત થવાના ક્રમનું કથન છે.

**આ અર્થ જાણી, અનુગમન-ઉદ્યમ કરી, હણી મોહને,**
**પ્રશમાવી રાગદ્વેષ, જીવ ઉત્તર-પૂરવ વિરહિત બને. ૧૦૪.**

**અન્વયાર્થ :**—જીવ આ અર્થને જાણીને (—આ શાસ્ત્રના અર્થભૂત શુદ્ધાત્માને જાણીને), તેને અનુસરવાનો ઉદ્યમ કરતો થકો હતમોહ થઈને (—જેને દર્શનમોહનો ક્ષય થયો હોય એવો થઈને), રાગદ્વેષને પ્રશમિત (—નિવૃત્ત) કરીને, ઉત્તર અને પૂર્વ બંધનો જેને નાશ થયો છે એવો થાય છે. ।।૧૦૪।।

આ રીતે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત **શ્રી પંચાસ્તિકાયસંગ્રહ** શાસ્ત્રનો ષડ્‌દ્રવ્યપંચાસ્તિકાયવર્ણન નામનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## - ૨ -

# નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચવર્ણન

[હવે આ બીજા શ્રુતસ્કંધને વિષે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ-વિરચિત ગાથાસૂત્ર શરૂ કરવામાં આવે છે:]

આ, આપ્તની સ્તુતિપૂર્વક પ્રતિજ્ઞા છે.

**શિરસા નમી અપુનર્જનમના હેતુ શ્રી મહાવીરને,**
**ભાખું પદાર્થવિકલ્પ તેમ જ મોક્ષ કેરા માર્ગને. ૧૦૫.**

**અન્વયાર્થ :**—અપુનર્ભવના કારણ શ્રી મહાવીરને શિરસા વંદન કરીને, તેમનો પદાર્થભેદ (–કાળ સહિત પંચાસ્તિકાયનો નવ પદાર્થરૂપ ભેદ) તથા મોક્ષનો માર્ગ કહીશ. ।।૧૦૫।।

પ્રથમ, મોક્ષમાર્ગની જ આ સૂચના છે.

**સમ્યક્ત્વજ્ઞાન સમેત ચારિત રાગદ્વેષવિહીન જે,**
**તે હોય છે નિર્વાણમારગ લબ્ધબુદ્ધિ ભવ્યને. ૧૦૬.**

**અન્વયાર્થ :**—સમ્યક્ત્વ અને જ્ઞાનથી સંયુક્ત એવું ચારિત્ર—કે જે રાગદ્વેષથી રહિત હોય તે, લબ્ધબુદ્ધિ ભવ્યજીવોને મોક્ષનો માર્ગ હોય છે. ।।૧૦૬।।

આ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સૂચના છે.

**‘ભાવો’ તણી શ્રદ્ધા સુદર્શન, બોધ તેનો જ્ઞાન છે,**
**વધુ રૂઢ માર્ગ થતાં વિષયમાં સામ્ય તે ચારિત્ર છે. ૧૦૭.**

**અન્વયાર્થ :**—ભાવોનું (–નવ પદાર્થોનું) શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે; તેમનો અવબોધ તે જ્ઞાન છે; (નિજ તત્ત્વમાં) જેમનો માર્ગ વિશેષ રૂઢ થયો છે તેમને વિષયો પ્રત્યે વર્તતો સમભાવ તે ચારિત્ર છે. ।।૧૦૭।।

આ, પદાર્થોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

બે ભાવ—જીવ અજીવ, તદ્‌ગત પુણ્ય તેમ જ પાપ ને
આસરવ, સંવર, નિર્જરા, વળી બંધ, મોક્ષ—પદાર્થ છે. ૧૦૮.

**અન્વયાર્થ** :—જીવ અને અજીવ—બે ભાવો (અર્થાત્ મૂળ પદાર્થો) તથા તે બેનાં પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ—એ (નવ) પદાર્થો છે. ॥૧૦૮॥

આ, જીવના સ્વરૂપનું કથન છે.

જીવો દ્વિવિધ—સંસારી, સિદ્ધો; ચેતનાત્મક ઉભય છે;
ઉપયોગલક્ષણ ઉભય; એક સદેહ, એક અદેહ છે. ૧૦૯.

**અન્વયાર્થ** :—જીવો બે પ્રકારના છે: સંસારી અને સિદ્ધ. તેઓ ચેતનાત્મક (–ચેતનાસ્વભાવવાળા) તેમ જ ઉપયોગલક્ષણવાળા છે. સંસારી જીવો દેહમાં વર્તનારા અર્થાત્ દેહસહિત છે અને સિદ્ધ જીવો દેહમાં નહિ વર્તનારા અર્થાત્ દેહરહિત છે. ॥૧૦૯॥

આ, (સંસારી જીવોના ભેદોમાંથી) પૃથ્વીકાયિક વગેરે પાંચ ભેદોનું કથન છે.

ભૂ-જલ-અનલ-વાયુ-વનસ્પતિકાય જીવસહિત છે;
બહુ કાય તે અતિમોહસંયુત સ્પર્શ આપે જીવને. ૧૧૦.

**અન્વયાર્થ** :—પૃથ્વીકાય, અપ્‌કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય—એ કાયો જીવસહિત છે. (અવાંતર જાતિઓની અપેક્ષાએ) તેમની ઘણી સંખ્યા હોવા છતાં તેઓ બધીયે તેમાં રહેલા જીવોને ખરેખર પુષ્કળ મોહથી સંયુક્ત સ્પર્શ આપે છે (અર્થાત્ સ્પર્શજ્ઞાનમાં નિમિત્ત થાય છે). ॥૧૧૦॥

પૃથ્વીકાયિક વગેરે પંચવિધ જીવોના સ્થાવર-ત્રસપણાસંબંધી કથન કહે છે.

**ત્યાં જીવ ત્રણ સ્થાવરતનુ, ત્રસ જીવ અગ્નિ-સમીરના;**
**એ સર્વ મનપરિણામવિરહિત એક-ઈન્દ્રિય જાણવા. ૧૧૧.**

**અન્વયાર્થ :**—તેમાં, ત્રણ (પૃથ્વીકાયિક, અપ્‌કાયિક ને વનસ્પતિ-કાયિક) જીવો સ્થાવર શરીરના સંયોગવાળા છે તથા વાયુકાયિક ને અગ્નિકાયિક જીવો [૨]ત્રસ છે; તે બધા મનપરિણામરહિત એકેંદ્રિય જીવો જાણવા. ॥૧૧૧॥

આ, પૃથ્વીકાયિક વગેરે પાંચ (–પંચવિધ) જીવોના એકેંદ્રિયપણાનો નિયમ છે.

**આ પૃથ્વીકાયિક આદિ જીવનિકાય પાંચ પ્રકારના,**
**સઘળાય મનપરિણામવિરહિત જીવ એકેંદ્રિય કહ્યા. ૧૧૨.**

**અન્વયાર્થ :**—આ પૃથ્વીકાયિક વગેરે પાંચ પ્રકારના જીવનિકાયોને મનપરિણામરહિત એકેંદ્રિય જીવો (સર્વજ્ઞે) કહ્યા છે. ॥૧૧૨॥

આ, એકેંદ્રિયોને ચૈતન્યનું અસ્તિત્વ હોવા સંબંધી દ્રષ્ટાંતનું કથન છે.

**જેવા જીવો અંડસ્થ, મૂર્છાવસ્થ વા ગર્ભસ્થ છે;**
**તેવા બધા આ પંચવિધ એકેંદ્રિ જીવો જાણજે. ૧૧૩.**

**અન્વયાર્થ :**—ઈંડાંમાં વૃદ્ધિ પામતાં પ્રાણીઓ, ગર્ભમાં રહેલાં પ્રાણીઓ અને મૂર્છા પામેલા મનુષ્યો, જેવાં (બુદ્ધિપૂર્વક વ્યાપાર વિનાનાં) છે, તેવા એકેંદ્રિય જીવો જાણવા. ॥૧૧૩॥

આ, દ્વીન્દ્રિય જીવોના પ્રકારની સૂચના છે.

**શંબૂક, છીપો, માતૃવાહો, શંખ, કૃમિ પગ-વગરના**
**—જે જાણતા રસસ્પર્શને, તે જીવ દ્વીંદ્રિય જાણવા. ૧૧૪.**

**અન્વયાર્થ :**—શંબૂક, માતૃવાહ, શંખ, છીપ અને પગ વગરના કૃમિ—કે જેઓ રસ અને સ્પર્શને જાણે છે તેઓ—દ્વીન્દ્રિય જીવો છે. ।।૧૧૪।।

આ, ત્રીન્દ્રિય જીવોના પ્રકારની સૂચના છે.

જૂ, કુંભી, માકડ, કીડી તેમ જ વૃશ્ચિકાદિક જંતુ જે
રસ, ગંધ તેમ જ સ્પર્શ જાણે, જીવ ત્રીન્દ્રિય તેહ છે. ૧૧૫.

**અન્વયાર્થ :**—જૂ, કુંભી, માકડ, કીડી અને વીંછી વગેરે જંતુઓ રસ, સ્પર્શ અને ગંધને જાણે છે; તે ત્રીન્દ્રિય જીવો છે. ।।૧૧૫।।

આ, ચતુરિન્દ્રિય જીવોના પ્રકારની સૂચના છે.

મધમાખ, ભ્રમર, પતંગ, માખી, ડાંસ, મચ્છર આદિ જે,
તે જીવ જાણે સ્પર્શને, રસ, ગંધ તેમ જ રૂપને. ૧૧૬.

**અન્વયાર્થ :**—વળી ડાંસ, મચ્છર, માખી, મધમાખી, ભમરા અને પતંગિયાં વગેરે જીવો રૂપ, રસ, ગંધ અને સ્પર્શને જાણે છે. (તે ચતુરિંદ્રિય જીવો છે.) ।।૧૧૬।।

આ, પંચેન્દ્રિય જીવોના પ્રકારની સૂચના છે.

સ્પર્શાદિ પંચક જાણતાં તિર્યંચ-નારક-સુર-નરો
—જળચર, ભૂચર કે ખેચરો—બળવાન પંચેંદ્રિય જીવો. ૧૧૭.

**અન્વયાર્થ :**—વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણનારાં દેવ-મનુષ્ય-નારક-તિર્યંચ—જેઓ જળચર, સ્થળ-ચર કે ખેચર હોય છે તેઓ—બળવાન પંચેન્દ્રિય જીવો છે. ।।૧૧૭।।

આ, ઇન્દ્રિયોના ભેદની અપેક્ષાએ કહેવામાં આવેલા જીવોનો ચતુર્ગતિસંબંધ દર્શાવતાં ઉપસંહાર છે.

નર કર્મભૂમિજ ભોગભૂમિજ, દેવ ચાર પ્રકારના,
તિર્યંચ બહુવિધ, નારકોના પૃથ્વીગત ભેદો કહ્યા. ૧૧૮.

**અન્વયાર્થ** :—દેવોના ચાર નિકાય છે, મનુષ્યો કર્મભૂમિજ અને ભોગભૂમિજ એમ બે પ્રકારના છે, તિર્યંચો ઘણા પ્રકારનાં છે અને નારકોના ભેદ તેમની પૃથ્વીઓના ભેદ જેટલા છે. ॥૧૧૮॥

અહીં, ગતિનામકર્મ અને આયુષકર્મના ઉદયથી નિષ્પન્ન થતાં હોવાથી દેવત્વાદિ અનાત્મસ્વભાવભૂત છે એમ દર્શાવવામાં આવ્યું છે.

**ગતિનામ ને આયુષ્ય પૂર્વનિબદ્ધ જ્યાં ક્ષય થાય છે,**
**ત્યાં અન્ય ગતિ-આયુષ્ય પામે જીવ નિજલેશ્યાવશે. ૧૧૯.**

**અન્વયાર્થ** :—પૂર્વબદ્ધ ગતિનામકર્મ અને આયુષકર્મ ક્ષીણ થતાં જીવો પોતાની લેશ્યાને વશ ખરેખર અન્ય ગતિ અને આયુષ પ્રાપ્ત કરે છે. ॥૧૧૯॥

આ ઉક્ત જીવવિસ્તારનો ઉપસંહાર છે.

**આ ઉક્ત જીવનિકાય સર્વે દેહસહિત કહેલ છે,**
**ને દેહવિરહિત સિદ્ધ છે; સંસારી ભવ્ય-અભવ્ય છે. ૧૨૦.**

**અન્વયાર્થ** :—આ (પૂર્વોક્ત) જીવનિકાયો દેહમાં વર્તનારા અર્થાત્ દેહસહિત કહેવામાં આવ્યા છે; દેહરહિત એવા સિદ્ધો છે. સંસારીઓ ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે. ॥૧૨૦॥

આ, વ્યવહારજીવત્વના એકાંતની પ્રતિપત્તિનું ખંડન છે (અર્થાત્ જેને માત્ર વ્યવહારનયથી જીવ કહેવામાં આવે છે તેનો ખરેખર જીવ તરીકે સ્વીકાર કરવો ઉચિત નથી એમ અહીં સમજાવ્યું છે).

**રે! ઇન્દ્રિયો નહિ જીવ, ષડ્વિધ કાય પણ નહિ જીવ છે;**
**છે તેમનામાં જ્ઞાન જે બસ તે જ જીવ નિર્દિષ્ટ છે. ૧૨૧.**

**અન્વયાર્થ** :—(વ્યવહારથી કહેવામાં આવતા એકેન્દ્રિયાદિ તથા પૃથ્વીકાયિકાદિ 'જીવો'માં) ઇન્દ્રિયો જીવ નથી અને છ પ્રકારની શાસ્ત્રોક્ત

કાયો પણ જીવ નથી; તેમનામાં જે જ્ઞાન છે તે જીવ છે એમ (જ્ઞાનીઓ) પ્રરૂપે છે. ।।૧૨૧।।

આ, અન્યથી અસાધારણ એવાં જીવકાર્યોનું કથન છે (અર્થાત્ અન્ય દ્રવ્યોથી અસાધારણ એવાં જે જીવનાં કાર્યો તે અહીં દર્શાવ્યાં છે).

જાણે અને દેખે બધું, સુખ અભિલષે, દુઃખથી ડરે,
હિત-અહિત જીવ કરે અને હિત-અહિતનું ફળ ભોગવે. ૧૨૨.

**અન્વયાર્થ** :—જીવ બધું જાણે છે અને દેખે છે, સુખને ઇચ્છે છે, દુઃખથી ડરે છે, હિત-અહિતને (શુભ-અશુભ ભાવોને) કરે છે અને તેમના ફળને ભોગવે છે. ।।૧૨૨।।

આ, જીવ-વ્યાખ્યાનના ઉપસંહારની અને અજીવ-વ્યાખ્યાનના પ્રારંભની સૂચના છે.

બીજાય બહુ પર્યાયથી એ રીત જાણી જીવને,
જાણો અજીવપદાર્થ જ્ઞાનવિભિન્ન જડ લિંગો વડે. ૧૨૩.

**અન્વયાર્થ** :—એ રીતે બીજા પણ બહુ પર્યાયો વડે જીવને જાણીને જ્ઞાનથી અન્ય એવાં (જડ) લિંગો વડે અજીવને જાણો. ।।૧૨૩।।

આ, આકાશાદિનું જ અજીવપણું દર્શાવવા માટે હેતુનું કથન છે.

**છે જીવગુણ નહિ આભ-ધર્મ-અધર્મ-પુદ્ગલ-કાળમાં;**
**તેમાં અચેતનતા કહી, ચેતનપણું કહ્યું જીવમાં. ૧૨૪.**

**અન્વયાર્થ** :—આકાશ, કાળ, પુદ્ગલ, ધર્મ અને અધર્મમાં જીવના ગુણો નથી; (કારણ કે) તેમને અચેતનપણું કહ્યું છે, જીવને ચેતનતા કહી છે. ।।૧૨૪।।

આ વળી, આકાશાદિનું અચેતનત્વસામાન્ય નક્કી કરવા માટે અનુમાન છે.

**સુખદુઃખસંચેતન, અહિતની ભીતિ, ઉદ્યમ હિત વિષે**
**જેને કદી હોતાં નથી, તેને અજીવ શ્રમણો કહે. ૧૨૫.**

**અન્વયાર્થ** :—સુખદુઃખનું જ્ઞાન, હિતનો ઉદ્યમ અને અહિતનો ભય—એ જેને સદાય હોતાં નથી, તેને શ્રમણો અજીવ કહે છે. ।।૧૨૫।।

જીવ-પુદ્ગલના સંયોગમાં પણ, તેમના ભેદના કારણભૂત સ્વરૂપનું આ કથન છે (અર્થાત્ જીવ અને પુદ્ગલના સંયોગમાં પણ, જે વડે તેમનો ભેદ જાણી શકાય છે એવા તેમના ભિન્નભિન્ન સ્વરૂપનું આ કથન છે).

**સંસ્થાન-સંઘાતો, વરણ-રસ-ગંધ-શબ્દ-સ્પર્શ જે,**
**તે બહુ ગુણો ને પર્યયો પુદ્ગલદરવનિષ્પન્ન છે. ૧૨૬.**

**જે ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન, ઇન્દ્રિયગ્રાહ્ય નહિ, તે જીવ છે. ૧૨૭.**

**અન્વયાર્થ** :—(સમચતુરસ્રાદિ) સંસ્થાનો, (ઔદારિકાદિ શરીર સંબંધી) સંઘાતો, વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દ—એમ જે બહુ ગુણો અને પર્યાયો છે, તે પુદ્ગલદ્રવ્યનિષ્પન્ન છે.

જે અરસ, અરૂપ તથા અગંધ છે, અવ્યક્ત છે, અશબ્દ છે, અનિર્દિષ્ટસંસ્થાન છે (અર્થાત્ જેનું કોઈ સંસ્થાન કહ્યું નથી એવો છે), ચેતનાગુણવાળો છે અને ઈંદ્રિયો વડે અગ્રાહ્ય છે, તે જીવ જાણો. ॥૧૨૬-૧૨૭॥

બે મૂળપદાર્થો કહેવામાં આવ્યા. હવે (તેમના) સંયોગપરિણામથી નિષ્પન્ન થતા અન્ય સાત પદાર્થોના ઉપોદ્ઘાત અર્થે જીવકર્મ અને પુદ્ગલકર્મનું ચક્ર વર્ણવવામાં આવે છે.

સંસારગત જે જીવ છે પરિણામ તેને થાય છે,
પરિણામથી કર્મો, કરમથી ગમન ગતિમાં થાય છે; ૧૨૮.

ગતિપ્રાપ્તને તન થાય, તનથી ઈન્દ્રિયો વળી થાય છે,
એનાથી વિષય ગ્રહાય, રાગદ્વેષ તેથી થાય છે. ૧૨૯.

એ રીત ભાવ અનાદિનિધન અનાદિસાંત થયા કરે
સંસારચક્ર વિષે જીવોને—એમ જિનદેવો કહે. ૧૩૦.

**અન્વયાર્થ** :—જે ખરેખર સંસારસ્થિત જીવ છે તેનાથી પરિણામ થાય છે (અર્થાત્ તેને સ્નિગ્ધ પરિણામ થાય છે), પરિણામથી કર્મ અને કર્મથી ગતિઓમાં ગમન થાય છે.

ગતિપ્રાપ્તને દેહ થાય છે, દેહથી ઈન્દ્રિયો થાય છે, ઈન્દ્રિયોથી વિષયગ્રહણ અને વિષયગ્રહણથી રાગ અથવા દ્વેષ થાય છે.

એ પ્રમાણે ભાવ, સંસારચક્રમાં જીવને અનાદિ-અનંત અથવા અનાદિ-સાંત થયા કરે છે—એમ જિનવરોએ કહ્યું છે. ॥૧૨૮-૧૩૦॥

આ, પુણ્ય-પાપને યોગ્ય ભાવના સ્વભાવનું (-સ્વરૂપનું) કથન છે.

છે રાગ, દ્વેષ, વિમોહ, ચિત્તપ્રસાદપરિણતિ જેહને,
તે જીવને શુભ વા અશુભ પરિણામનો સદ્ભાવ છે. ૧૩૧.

**અન્વયાર્થ :**—જેના ભાવમાં મોહ, રાગ, દ્વેષ અથવા ચિત્તપ્રસન્નતા છે, તેને શુભ અથવા અશુભ પરિણામ છે. ।।૧૩૧।।

આ, પુણ્ય-પાપના સ્વરૂપનું કથન છે.

શુભ ભાવ જીવના પુણ્ય છે ને અશુભ ભાવો પાપ છે;
તેના નિમિત્તે પૌદ્‌ગલિક પરિણામ કર્મપણું લહે. ૧૩૨.

**અન્વયાર્થ :**—જીવના શુભ પરિણામ પુણ્ય છે અને અશુભ પરિણામ પાપ છે; તે બંને દ્વારા પુદ્‌ગલમાત્ર ભાવ કર્મપણાને પામે છે (અર્થાત્ જીવના પુણ્ય-પાપભાવના નિમિત્તે શાતા-અશાતાવેદનીયાદિ પુદ્‌ગલમાત્ર પરિણામ વ્યવહારથી જીવનું કર્મ કહેવાય છે). ।।૧૩૨।।

આ, મૂર્ત કર્મનું સમર્થન છે.

છે કર્મનું ફળ વિષય, તેને નિયમથી અક્ષો વડે
જીવ ભોગવે દુઃખે-સુખે, તેથી કરમ તે મૂર્ત છે. ૧૩૩.

**અન્વયાર્થ :**—કારણ કે કર્મનું ફળ જે (મૂર્ત) વિષય તે નિયમથી (મૂર્ત એવી) સ્પર્શનાદિઇન્દ્રિયો દ્વારા જીવ વડે સુખે અથવા દુઃખે ભોગવાય છે, તેથી કર્મો મૂર્ત છે. ।।૧૩૩।।

આ, મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તથા અમૂર્ત જીવનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તેની સૂચના છે.

મૂરત મૂરત સ્પર્શે અને મૂરત મૂરત બંધન લહે;
આત્મા અમૂરત ને કરમ અન્યોન્ય અવગાહન લહે. ૧૩૪.

**અન્વયાર્થ :**—મૂર્ત મૂર્તને સ્પર્શે છે, મૂર્ત મૂર્તની સાથે બંધ પામે છે; મૂર્તત્વરહિત જીવ મૂર્તકર્મોને અવગાહે છે અને મૂર્તકર્મો જીવને અવગાહે છે (અર્થાત્ બંને એકબીજામાં અવગાહ પામે છે). ।।૧૩૪।।

આ, પુણ્યાસ્રવના સ્વરૂપનું કથન છે.

છે રાગભાવ પ્રશસ્ત, અનુકંપાસહિત પરિણામ છે,
મનમાં નહીં કાલુષ્ય છે, ત્યાં પુણ્ય-આસ્રવ હોય છે. ૧૩૫.

**અન્વયાર્થ** :—જે જીવને પ્રશસ્ત રાગ છે, અનુકંપાયુક્ત પરિણામ છે અને ચિત્તમાં કલુષતાનો અભાવ છે, તે જીવને પુણ્ય આસ્રવે છે. ॥૧૩૫॥

આ, પ્રશસ્ત રાગના સ્વરૂપનું કથન છે.

અર્હંત-સાધુ-સિદ્ધ પ્રત્યે ભક્તિ, ચેષ્ટા ધર્મમાં,
ગુરુઓ તણું અનુગમન—એ પરિણામ રાગ પ્રશસ્તના. ૧૩૬.

**અન્વયાર્થ** :—અર્હંત-સિદ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ, ધર્મમાં ખરેખર ચેષ્ટા અને ગુરુઓનું અનુગમન, તે 'પ્રશસ્ત રાગ' કહેવાય છે. ॥૧૩૬॥

આ, અનુકંપાના સ્વરૂપનું કથન છે.

દુઃખિત, તૃષિત વા ક્ષુધિત દેખી દુઃખ પામી મન વિષે
કરુણાથી વર્તે જેહ, અનુકંપા સહિત તે જીવ છે. ૧૩૭.

**અન્વયાર્થ** :—તૃષાતુર, ક્ષુધાતુર અથવા દુઃખીને દેખી જે જીવ મનમાં દુઃખ પામતો થકો તેના પ્રત્યે કરુણાથી વર્તે છે, તેનો એ ભાવ અનુકંપા છે. ॥૧૩૭॥

આ, ચિત્તની કલુષતાના સ્વરૂપનું કથન છે.

મદ-ક્રોધ અથવા લોભ-માયા ચિત્ત-આશ્રય પામીને
જીવને કરે જે ક્ષોભ, તેને કલુષતા જ્ઞાની કહે. ૧૩૮.

**અન્વયાર્થ** :—જ્યારે ક્રોધ, માન, માયા અથવા લોભ ચિત્તનો આશ્રય પામીને જીવને ક્ષોભ કરે છે, ત્યારે તેને જ્ઞાનીઓ 'કલુષતા' કહે છે. ॥૧૩૮॥

આ, પાપાસ્રવના સ્વરૂપનું કથન છે.

ચર્યા પ્રમાદભરી, કલુષતા, લુબ્ધતા વિષયો વિષે,
પરિતાપ ને અપવાદ પરના, પાપ-આસ્રવને કરે. ૧૩૯.

**અન્વયાર્થ** :—બહુ પ્રમાદવાળી ચર્યા, કલુષતા, વિષયો પ્રત્યે લોલુપતા, પરને પરિતાપ કરવો તથા પરના અપવાદ બોલવા—એ પાપનો આસ્રવ કરે છે. ॥૧૩૯॥

આ, પાપાસ્રવભૂત ભાવોના વિસ્તારનું કથન છે.

સંજ્ઞા, ત્રિલેશ્યા, ઈન્દ્રિવશતા, આર્તરૌદ્ર ધ્યાન બે,
વળી મોહ ને દુર્યુક્ત જ્ઞાન પ્રદાન પાપ તણું કરે. ૧૪૦.

**અન્વયાર્થ** :—(ચારેય) સંજ્ઞાઓ, ત્રણ લેશ્યા, ઈન્દ્રિયવશતા, આર્ત-રૌદ્રધ્યાન, દુઃપ્રયુક્ત જ્ઞાન (–દુષ્ટપણે અશુભ કાર્યમાં જોડાયેલું જ્ઞાન) અને મોહ—એ ભાવો પાપપ્રદ છે. ॥૧૪૦॥

પાપની અનંતર હોવાથી, પાપના જ સંવરનું આ કથન છે (અર્થાત્ પાપના કથન પછી તુરત જ હોવાથી, અહીં પાપના જ સંવરનું કથન કરવામાં આવ્યું છે).

માર્ગે રહી સંજ્ઞા-કષાયો-ઈન્દ્રિનો નિગ્રહ કરે,
પાપાસરવનું છિદ્ર તેને તેટલું રૂંધાય છે. ૧૪૧.

**અન્વયાર્થ** :—જેઓ સારી રીતે માર્ગમાં રહીને ઈન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો જેટલો નિગ્રહ કરે છે, તેટલું પાપાસ્રવનું છિદ્ર તેમને બંધ થાય છે. ॥૧૪૧॥

આ, સામાન્યપણે સંવરના સ્વરૂપનું કથન છે.

સૌ દ્રવ્યમાં નહિ રાગ-દ્વેષ-વિમોહ વર્તે જેહને,
શુભ-અશુભ કર્મ ન આસ્રવે સમદુઃખસુખ તે ભિક્ષુને. ૧૪૨.

**અન્વયાર્થ** :—જેને સર્વ દ્રવ્યો પ્રત્યે રાગ, દ્વેષ કે મોહ નથી, તે સમસુખદુઃખ ભિક્ષુને (–સુખદુઃખ પ્રત્યે સમભાવવાળા મુનિને) શુભ

અને અશુભ કર્મ આસ્રવતું નથી. ।।૧૪૨।।

આ, વિશેષપણે સંવરના સ્વરૂપનું કથન છે.

જ્યારે ન યોગે પુણ્ય તેમ જ પાપ વર્તે વિરતને,
ત્યારે શુભાશુભકૃત કરમનો થાય સંવર તેહને. ૧૪૩.

**અન્વયાર્થ :**—જેને (–જે મુનિને), વિરત વર્તતાં થકાં, યોગમાં પુણ્ય અને પાપ જ્યારે ખરેખર હોતાં નથી, ત્યારે તેને શુભાશુભભાવકૃત કર્મનો સંવર થાય છે. ।।૧૪૩।।

આ, નિર્જરાના સ્વરૂપનું કથન છે.

જે યોગ-સંવરયુક્ત જીવ બહુવિધ તપો સહ પરિણમે,
તેને નિયમથી નિર્જરા બહુ કર્મ કેરી થાય છે. ૧૪૪.

**અન્વયાર્થ :**—સંવર અને યોગથી (શુદ્ધોપયોગથી) યુક્ત એવો જે જીવ બહુવિધ તપો સહિત પ્રવર્તે છે, તે નિયમથી ઘણાં કર્મોની નિર્જરા કરે છે. ।।૧૪૪।।

આ, નિર્જરાના મુખ્ય કારણનું કથન છે.

સંવર સહિત, આત્મપ્રયોજનનો પ્રસાધક આત્મને
જાણી, સુનિશ્ચળ જ્ઞાન ધ્યાવે, તે કરમરજ નિર્જરે. ૧૪૫.

**અન્વયાર્થ :**—સંવરથી યુક્ત એવો જે જીવ, ખરેખર આત્માર્થનો પ્રસાધક (સ્વપ્રયોજનનો પ્રકૃષ્ટ સાધક) વર્તતો થકો, આત્માને જાણીને (–અનુભવીને) જ્ઞાનને નિશ્ચળપણે ધ્યાવે છે, તે કર્મરજને ખેરવી નાખે છે. ।।૧૪૫।।

આ, ધ્યાનના સ્વરૂપનું કથન છે.

નહિ રાગદ્વેષવિમોહ ને નહિ યોગસેવન જેહને,
પ્રગટે શુભાશુભ બાળનારો ધ્યાન-અગ્નિ તેહને. ૧૪૬.

**અન્વયાર્થ :**—જેને મોહ અને રાગદ્વેષ નથી તથા યોગોનું સેવન

નથી (અર્થાત્ મન-વચન-કાયા પ્રત્યે ઉપેક્ષા છે), તેને શુભાશુભને બાળનારો ધ્યાનમય અગ્નિ પ્રગટે છે. ।।૧૪૬।।

આ, બંધના સ્વરૂપનું કથન છે.

**જો આતમા ઉપરક્ત કરતો અશુભ વા શુભ ભાવને,**
**તો તે વડે એ વિવિધ પુદ્ગલકર્મથી બંધાય છે. ૧૪૭.**

**અન્વયાર્થ** :—જો આત્મા રક્ત (વિકારી) વર્તતો થકો ઉદિત શુભ કે અશુભ ભાવને કરે છે, તો તે આત્મા તે ભાવ વડે (–તે ભાવના નિમિત્તે) વિવિધ પુદ્ગલકર્મથી બદ્ધ થાય છે. ।।૧૪૭।।

આ, બંધના બહિરંગ કારણ અને અંતરંગ કારણનું કથન છે.

**છે યોગહેતુક ગ્રહણ, મનવચકાય-આશ્રિત યોગ છે;**
**છે ભાવહેતુક બંધ, ને મોહાદિસંયુત ભાવ છે. ૧૪૮.**

**અન્વયાર્થ** :—ગ્રહણનું (–કર્મગ્રહણનું) નિમિત્ત યોગ છે; યોગ મનવચનકાયજનિત (આત્મપ્રદેશપરિસ્પંદ) છે. બંધનું નિમિત્ત ભાવ છે; ભાવ રતિરાગદ્વેષમોહથી યુક્ત (આત્મપરિણામ) છે. ।।૧૪૮।।

આ, મિથ્યાત્વાદિ દ્રવ્યપર્યાયોને (–દ્રવ્યમિથ્યાત્વાદિ પુદ્ગલ-પર્યાયોને) પણ (બંધના) બહિરંગ-કારણપણાનું પ્રકાશન છે.

**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,**
**તેનાંય છે રાગાદિ, જ્યાં રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૪૯.**

**અન્વયાર્થ** :—(દ્રવ્યમિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ આઠ પ્રકારનાં કર્મોનાં કારણ કહેવામાં આવ્યા છે; તેમને પણ (જીવના) રાગાદિભાવો કારણ છે; રાગાદિભાવોના અભાવમાં જીવો બંધાતા નથી. ।।૧૪૯।।

આ, દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત પરમ-સંવરરૂપે ભાવમોક્ષના સ્વરૂપનું કથન છે.

હેતુ-અભાવે નિયમથી આસ્રવનિરોધન જ્ઞાનીને,
આસરવભાવ-અભાવમાં કર્મો તણું રોધન બને; ૧૫૦.

કર્મો-અભાવે સર્વજ્ઞાની સર્વદર્શી થાય છે,
ને અક્ષરહિત, અનંત, અવ્યાબાધ સુખને તે લહે. ૧૫૧.

**અન્વયાર્થ :**—(મોહરાગદ્વેષરૂપ) હેતુનો અભાવ થવાથી જ્ઞાનીને નિયમથી આસ્રવનો નિરોધ થાય છે અને આસ્રવભાવના અભાવમાં કર્મનો નિરોધ થાય છે. વળી કર્મોનો અભાવ થવાથી તે સર્વજ્ઞ અને સર્વલોકદર્શી થયો થકો ઈન્દ્રિયરહિત, અવ્યાબાધ, અનંત સુખને પામે છે. ॥૧૫૦-૧૫૧॥

આ, દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત એવી પરમ નિર્જરાના કારણભૂત ધ્યાનનું કથન છે.

દ્રગજ્ઞાનથી પરિપૂર્ણ ને પરદ્રવ્યવિરહિત ધ્યાન જે,
તે નિર્જરાનો હેતુ થાય સ્વભાવપરિણત સાધુને. ૧૫૨.

**અન્વયાર્થ :**—સ્વભાવસહિત સાધુને (—સ્વભાવપરિણત કેવળી-ભગવાનને) દર્શનજ્ઞાનથી સંપૂર્ણ અને અન્યદ્રવ્યથી અસંયુક્ત એવું ધ્યાન નિર્જરાનો હેતુ થાય છે. ॥૧૫૨॥

આ, દ્રવ્યમોક્ષના સ્વરૂપનું કથન છે.

સંવરસહિત તે જીવ પૂર્વ સમસ્ત કર્મો નિર્જરે
ને આયુવેદ્યવિહીન થઈ ભવને તજે; તે મોક્ષ છે. ૧૫૩.

**અન્વયાર્થ :**—જે સંવરથી યુક્ત છે એવો (કેવળજ્ઞાનપ્રાપ્ત) જીવ સર્વ કર્મોને નિર્જરતો થકો વેદનીય અને આયુષ રહિત થઈને ભવને છોડે છે; તેથી (એ રીતે સર્વ કર્મપુદ્ગલોનો વિયોગ થવાને લીધે) તે મોક્ષ છે. ॥૧૫૩॥

# (૨-બ)

# મોક્ષમાર્ગપ્રપંચસૂચક ચૂલિકાનો સાર

અસ્તિકાયો અને પદાર્થોના નિરૂપણ પછી આ શાસ્ત્રમાં મોક્ષમાર્ગસૂચક ચૂલિકા છે. આ અંતિમ અધિકાર, શાસ્ત્રરૂપી મંદિર ઉપર રત્નકળશ સમાન શોભે છે. અધ્યાત્મરસિક આત્માર્થી જીવોનો, આ અતિ પ્રિય અધિકાર છે. તેમને આ અધિકારનો રસાસ્વાદ લેતાં જાણે કે તૃપ્તિ જ થતી નથી. તેમાં મુખ્યત્વે વીતરાગ ચારિત્રનું—સ્વસમયનું—શુદ્ધ મુનિદશાનું—પારમાર્થિક મોક્ષમાર્ગનું ભાવવાહી મધુર પ્રતિપાદન છે, તેમ જ મુનિને સરાગ ચારિત્રની દશામાં આંશિક શુદ્ધિની સાથે સાથે કેવા શુભ ભાવોનો સુમેળ અવશ્ય હોય જ છે તેનો પણ સ્પષ્ટ નિર્દેશ છે. જેમના હૃદયમાં વીતરાગતાની ભાવના ઘોળાયા કરે છે એવા શાસ્ત્રકાર અને ટીકાકાર મુનીંદ્રોએ આ અધિકારમાં જાણે કે શાંત વીતરાગ રસની સરિતા વહાવી છે. ધીરગંભીર ગતિએ વહેતી આ શાંત રસની અધ્યાત્મગંગામાં નહાતાં તત્ત્વજિજ્ઞાસુ ભાવુક જીવો શીતળીભૂત થાય છે અને તેમનું હૃદય શાંત-શાંત થઈ મુનિઓની આત્માનુભવમૂલક સહજશુદ્ધ ઉદાસીન દશા પ્રત્યે બહુમાનપૂર્વક નમી પડે છે. આ અધિકાર પર મનન કરતાં સુપાત્ર મુમુક્ષુ જીવોને સમજાય છે કે ‘શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયે સહજ દશાનો અંશ પ્રગટ કર્યા વિના મોક્ષના ઉપાયનો અંશ પણ પ્રાપ્ત થતો નથી.’

હવે મોક્ષમાર્ગપ્રપંચસૂચક ચૂલિકા કહેવામાં આવે છે.

આ, મોક્ષમાર્ગના સ્વરૂપનું કથન છે.

આત્મસ્વભાવ અનન્યમય નિર્વિઘ્ન દર્શન જ્ઞાન છે;<br>
દૃગ્જ્ઞાનનિયત અનિંદ્ય જે અસ્તિત્વ તે ચારિત્ર છે. ૧૫૪.

**અન્વયાર્થ** :—જીવનો સ્વભાવ જ્ઞાન અને અપ્રતિહત દર્શન છે—કે જેઓ (જીવથી) અનન્યમય છે. તે જ્ઞાનદર્શનમાં નિયત અસ્તિત્વ—કે જે અનિંદિત છે—તેને (જિનેંદ્રોએ) ચારિત્ર કહ્યું છે. ।।૧૫૪।।

સ્વસમયના ગ્રહણ અને પરસમયના ત્યાગપૂર્વક કર્મક્ષય થાય છે—એવા પ્રતિપાદન દ્વારા અહીં (આ ગાથામાં) 'જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે' એમ દર્શાવ્યું છે.

નિજભાવનિયત અનિયતગુણપર્યયપણે પરસમય છે;<br>
તે જો કરે સ્વકસમયને તો કર્મબંધનથી છૂટે. ૧૫૫.

**અન્વયાર્થ** :—જીવ, (દ્રવ્ય-અપેક્ષાએ) સ્વભાવનિયત હોવા છતાં, જો અનિયત ગુણપર્યાયવાળો હોય તો પરસમય છે. જો તે (નિયત ગુણપર્યાયે પરિણમી) સ્વસમયને કરે છે તો કર્મબંધથી છૂટે છે. ।।૧૫૫।।

આ, પરચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.

જે રાગથી પરદ્રવ્યમાં કરતો શુભાશુભ ભાવને,<br>
તે સ્વકચરિત્રથી ભ્રષ્ટ, પરચારિત્ર આચરનાર છે. ૧૫૬.

**અન્વયાર્થ** :—જે રાગથી (–રંજિત અર્થાત્ મલિન ઉપયોગથી) પરદ્રવ્યને વિષે શુભ કે અશુભ ભાવ કરે છે, તે જીવ સ્વચારિત્રભ્રષ્ટ એવો પરચારિત્રનો આચરનાર છે. ।।૧૫૬।।

અહીં, પરચારિત્રપ્રવૃત્તિ બંધહેતુભૂત હોવાથી તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ કરવામાં આવ્યો છે (અર્થાત્ પરચારિત્રમાં પ્રવર્તન બંધનો હેતુ હોવાથી તે મોક્ષમાર્ગ નથી એમ આ ગાથામાં દર્શાવ્યું છે).

**રે! પુણ્ય અથવા પાપ જીવને આસ્રવે જે ભાવથી,**
**તેના વડે તે ‘પરચરિત’ નિર્દિષ્ટ છે જિનદેવથી. ૧૫૭.**

**અન્વયાર્થ :**—જે ભાવથી આત્માને પુણ્ય અથવા પાપ આસ્રવે છે, તે ભાવ વડે તે (જીવ) પરચારિત્ર છે—એમ જિનો પ્રરૂપે છે. ।।૧૫૭।।

આ, સ્વચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.

**સૌ-સંગમુક્ત અનન્યચિત્ત સ્વભાવથી નિજ આત્મને**
**જાણે અને દેખે નિયત રહી, તે સ્વચરિતપ્રવૃત્ત છે. ૧૫૮.**

**અન્વયાર્થ :**—જે સર્વસંગમુક્ત અને અનન્યમનવાળો વર્તતો થકો આત્માને (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવ વડે નિયતપણે (–સ્થિરતાપૂર્વક) જાણે-દેખે છે, તે જીવ સ્વચારિત્ર આચરે છે. ।।૧૫૮।।

આ, શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિના માર્ગનું કથન છે.

**તે છે સ્વચરિતપ્રવૃત્ત, જે પરદ્રવ્યથી વિરહિતપણે**
**નિજ જ્ઞાનદર્શનભેદને જીવથી અભિન્ન જ આચરે. ૧૫૯.**

**અન્વયાર્થ :**—જે પરદ્રવ્યાત્મક ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો, (નિજસ્વભાવભૂત) દર્શનજ્ઞાનરૂપ ભેદને આત્માથી અભેદપણે આચરે છે, તે સ્વચારિત્રને આચરે છે. ।।૧૫૯।।

નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે, પૂર્વોદ્દિષ્ટ (૧૦૭ ગાથામાં કહેલા) વ્યવહારમોક્ષમાર્ગનો આ નિર્દેશ છે.

**ધર્માદિની શ્રદ્ધા સુદ્રગ, પૂર્વાંગબોધ સુબોધ છે,**
**તપમાંહી ચેષ્ટા ચરણ—એ વ્યવહારમુક્તિમાર્ગ છે. ૧૬૦.**

**અન્વયાર્થ :**—ધર્માસ્તિકાયાદિનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ, અંગપૂર્વસંબંધી જ્ઞાન તે જ્ઞાન અને તપમાં ચેષ્ટા (–પ્રવૃત્તિ) તે ચારિત્ર;—એ પ્રમાણે વ્યવહારમોક્ષમાર્ગ છે. ।।૧૬૦।।

વ્યવહારમોક્ષમાર્ગના સાધ્ય તરીકે, નિશ્ચયમોક્ષમાર્ગનું આ કથન છે.

જે જીવ દર્શનજ્ઞાનચરણ વડે સમાહિત હોઈને,
છોડે-ગ્રહે નહિ અન્ય કંઈ પણ, નિશ્ચયે શિવમાર્ગ છે. ૧૬૧.

**અન્વયાર્થ :**—જે આત્મા એ ત્રણ વડે ખરેખર સમાહિત થયો થકો (અર્થાત્ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર વડે ખરેખર એકાગ્ર —અભેદ થયો થકો) અન્ય કાંઈ પણ કરતો નથી કે છોડતો નથી, તે નિશ્ચયનયથી 'મોક્ષમાર્ગ' કહેવામાં આવ્યો છે. ॥૧૬૧॥

આ, આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર, જ્ઞાન અને દર્શન છે એમ અહીં સમજાવ્યું છે).

જાણે, જુએ ને આચરે નિજ આત્મને આત્મા વડે,
તે જીવ દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે નિશ્ચિતપણે. ૧૬૨.

**અન્વયાર્થ :**—જે (આત્મા) અનન્યમય આત્માને આત્માથી આચરે છે, જાણે છે, દેખે છે, તે (આત્મા જ) ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે—એમ નિશ્ચિત છે. ॥૧૬૨॥

આ, સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.

જાણે–જુએ છે સર્વ તેથી સૌખ્ય-અનુભવ મુક્તને;
—આ ભાવ જાણે ભવ્ય જીવ, અભવ્ય નહિ શ્રદ્ધા લહે. ૧૬૩.

**અન્વયાર્થ :**—જેથી (આત્મા મુક્ત થતાં) સર્વને જાણે છે અને દેખે છે, તેથી તે સૌખ્યને અનુભવે છે;—આમ ભવ્ય જીવ જાણે છે, અભવ્ય જીવ શ્રદ્ધતો નથી. ॥૧૬૩॥

અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે અને

એ રીતે જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું સાક્ષાત્ મોક્ષહેતુપણું પ્રકાશિત કર્યું છે.

**દૃગ, જ્ઞાન ને ચારિત્ર છે શિવમાર્ગ તેથી સેવવાં**
**—સંતે કહ્યું, પણ હેતુ છે એ બંધના વા મોક્ષના. ૧૬૪.**

**અન્વયાર્થ :—**દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે તેથી તેઓ સેવવાયોગ્ય છે—એમ સાધુઓએ કહ્યું છે; પરંતુ તેમનાથી બંધ પણ થાય છે અને મોક્ષ પણ થાય છે. ।।૧૬૪।।

આ, સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.

**જિનવરપ્રમુખની ભક્તિ દ્વારા મોક્ષની આશા ધરે**
**અજ્ઞાનથી જો જ્ઞાની જીવ, તો પરસમયરત તેહ છે. ૧૬૫.**

**અન્વયાર્થ :—**શુદ્ધસંપ્રયોગથી (શુભ ભક્તિભાવથી) દુઃખમોક્ષ થાય છે એમ જો અજ્ઞાનને લીધે જ્ઞાની માને, તો તે પરસમયરત જીવ છે. ['અર્હંતાદિ પ્રત્યે ભક્તિ-અનુરાગવાળી મંદશુદ્ધિથી પણ ક્રમે મોક્ષ થાય છે' એવું જો અજ્ઞાનને લીધે (—શુદ્ધાત્મસંવેદનના અભાવને લીધે, રાગાંશને લીધે) જ્ઞાનીને પણ (મંદ પુરુષાર્થવાળું) વલણ વર્તે, તો ત્યાંસુધી તે પણ સૂક્ષ્મ પરસમયમાં રત છે.] ।।૧૬૫।।

અહીં, પૂર્વોક્ત શુદ્ધસંપ્રયોગને કથંચિત્ બંધહેતુપણું હોવાથી તેનું મોક્ષમાર્ગપણું નિરસ્ત કર્યું છે (અર્થાત્ જ્ઞાનીને વર્તતો શુદ્ધસંપ્રયોગ નિશ્ચયથી બંધહેતુભૂત હોવાને લીધે તે મોક્ષમાર્ગ નથી એમ અહીં દર્શાવ્યું છે).

**જિન-સિદ્ધ-પ્રવચન-ચૈત્ય-મુનિગણ-જ્ઞાનની ભક્તિ કરે,**
**તે પુણ્યબંધ લહે ઘણો, પણ કર્મનો ક્ષય નવ કરે. ૧૬૬.**

**અન્વયાર્થ :—**અર્હંત, સિદ્ધ, ચૈત્ય (—અર્હંતાદિની પ્રતિમા), પ્રવચન (—શાસ્ત્ર), મુનિગણ અને જ્ઞાન પ્રત્યે ભક્તિસંપન્ન જીવ ઘણું

પુણ્ય બાંધે છે, પરંતુ તે ખરેખર કર્મનો ક્ષય કરતો નથી. ૧૬૬

અહીં, સ્વસમયની ઉપલબ્ધિના અભાવનો, રાગ એક હેતુ છે એમ પ્રકાશ્યું છે (અર્થાત્ સ્વસમયની પ્રાપ્તિના અભાવનું રાગ જ એક કારણ છે એમ અહીં દર્શાવ્યું છે).

**અણુમાત્ર જેને હૃદયમાં પરદ્રવ્ય પ્રત્યે રાગ છે,**
**હો સર્વઆગમધર ભલે, જાણે નહીં સ્વક-સમયને. ૧૬૭.**

**અન્વયાર્થ :**—જેને પરદ્રવ્ય પ્રત્યે અણુમાત્ર પણ (લેશમાત્ર પણ) રાગ હૃદયમાં વર્તે છે તે, ભલે સર્વઆગમધર હોય તોપણ, સ્વકીય સમયને જાણતો (—અનુભવતો) નથી. ૧૬૭

આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે (અર્થાત્ અલ્પ રાગ જેનું મૂળ છે એવી દોષોની સંતતિનું અહીં કથન છે).

**મનના ભ્રમણથી રહિત જે રાખી શકે નહિ આત્મને,**
**શુભ વા અશુભ કર્મો તણો નહિ રોધ છે તે જીવને. ૧૬૮.**

**અન્વયાર્થ :**—જે (રાગના સદ્ભાવને લીધે) ચિત્તના ભ્રમણ વિનાનો પોતાને રાખી શકતો નથી, તેને શુભાશુભ કર્મનો નિરોધ નથી. ૧૬૮

આ, રાગરૂપ ક્લેશનો નિઃશેષ નાશ કરવાયોગ્ય હોવાનું નિરૂપણ છે.

**તે કારણે મોક્ષેચ્છુ જીવ અસંગ ને નિર્મમ બની**
**સિદ્ધો તણી ભક્તિ કરે, ઉપલબ્ધિ જેથી મોક્ષની. ૧૬૯.**

**અન્વયાર્થ :**—માટે મોક્ષાર્થી જીવ નિઃસંગ અને નિર્મમ થઈને સિદ્ધોની ભક્તિ (—શુદ્ધાત્મદ્રવ્યમાં સ્થિરતારૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ) કરે છે, જેથી તે નિર્વાણને પામે છે. ૧૬૯

આ, રાગરૂપ ક્લેશનો નિઃશેષ નાશ કરવાયોગ્ય હોવાનું નિરૂપણ છે.

**સંયમ તથા તપયુક્તને પણ દૂરતર નિર્વાણ છે,**
**સૂત્રો, પદાર્થો, જિનવરો પ્રતિ ચિત્તમાં રુચિ જો રહે. ૧૭૦.**

**અન્વયાર્થ :—**સંયમતપસંયુક્ત હોવા છતાં, નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે અને સૂત્રો પ્રત્યે જેને રુચિ (પ્રીતિ) વર્તે છે, તે જીવને નિર્વાણ દૂરતર (વિશેષ દૂર) છે. ॥૧૭૦॥

અહીં, અર્હંતાદિની ભક્તિરૂપ પરસમયપ્રવૃત્તિમાં સાક્ષાત્ મોક્ષહેતુપણાનો અભાવ હોવા છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો સદ્ભાવ દર્શાવ્યો છે.

**જિન-સિદ્ધ-પ્રવચન-ચૈત્ય પ્રત્યે ભક્તિ ધારી મન વિષે,**
**સંયમ પરમ સહ તપ કરે, તે જીવ પામે સ્વર્ગને. ૧૭૧.**

**અન્વયાર્થ :—**જે (જીવ), અર્હંત, સિદ્ધ, ચૈત્ય (—અર્હંતાદિની પ્રતિમા) અને પ્રવચન (—શાસ્ત્ર) પ્રત્યે ભક્તિયુક્ત વર્તતો થકો, પરમ સંયમ સહિત તપકર્મ (—તપરૂપ કાર્ય) કરે છે, તે દેવલોકને સંપ્રાપ્ત કરે છે. ॥૧૭૧॥

આ, સાક્ષાત્મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર છે (અર્થાત્ અહીં સાક્ષાત્મોક્ષમાર્ગનો સાર શો છે તેના કથન દ્વારા શાસ્ત્રનું તાત્પર્ય કહેવારૂપ ઉપસંહાર કર્યો છે).

**તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે. ૧૭૨.**

**અન્વયાર્થ :—**તેથી મોક્ષાભિલાષી જીવ સર્વત્ર કિંચિત્ પણ રાગ ન કરો; એમ કરવાથી તે ભવ્ય જીવ વીતરાગ થઈ ભવસાગરને તરે છે. ॥૧૭૨॥

આ, કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી સમાપ્તિ છે (અર્થાત્ અહીં શાસ્ત્રકર્તા શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવતાં શાસ્ત્રસમાપ્તિ કરે છે).

**મેં માર્ગ-ઉદ્યોતાર્થ, પ્રવચનભક્તિથી પ્રેરાઈને,**
**કહ્યું સર્વપ્રવચન-સારભૂત ‘પંચાસ્તિસંગ્રહ’ સૂત્રને. ૧૭૩.**

**અન્વયાર્થ :—**પ્રવચનની ભક્તિથી પ્રેરિત એવાં મેં માર્ગની પ્રભાવના અર્થે પ્રવચનના સારભૂત ‘પંચાસ્તિકાયસંગ્રહ’ સૂત્ર કહ્યું. ।।૧૭૩।।

આ રીતે શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત **શ્રી પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્ર**નો **નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગ-પ્રપંચવર્ણન** નામનો દ્વિતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

**સમાપ્ત**